શ્રીમદ્ભગવદ્ગીતા-વિશ્વરૂપદર્શનયોગ

(અગિયારમો અધ્યાય)

**(શ્રીપુરુષોત્તમજીકૃત 'અમૃતતરંગિણી' તથા
શ્રીવલ્લભજીકૃત 'તત્ત્વદીપિકા'ના આધારે અન્વય તથા
સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)**

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

શ્રીમદ્ભગવદ્ગીતા- વિશ્વરૂપદર્શનયોગ

(અગિયારમો અધ્યાય)

અથ એકાદશોડધ્યાયઃ

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

**મદનુગ્રહાય પરમં ગુહ્યમધ્યાત્મસંજ્ઞિતમ્ ।
યત્ ત્વયોક્તં વચસ્તેન મોહોડયં વિગતો મમ ॥ ૧ ॥
ભવાપ્યયૌ હિ ભૂતાનાં શ્રુતૌ વિસ્તરશો મયા ।
ત્વત્તઃ કમલપત્રાક્ષ માહાત્મ્યમપિ ચાવ્યયમ્ ॥ ૨ ॥
એવમેતદ્યથાત્થ ત્વમાત્માનં પરમેશ્વર ।
દ્રષ્ટુમિચ્છામિ તે રૂપમૈશ્વરં પુરુષોત્તમ ॥ ૩ ॥
મન્યસે યદિ તચ્છક્યં મયા દ્રષ્ટુમિતિ પ્રભો ।
યોગેશ્વર તતો મે ત્વં દર્શયાત્માનમવ્યયમ્ ॥ ૪ ॥**

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

**પશ્ય મે પાર્થ રૂપાણિ શતશોડથ સહસ્રશઃ ।
નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ॥ ૫ ॥
પશ્યાદિત્યાન્વસૂન્રુદ્રાનશ્વિનૌ મરુતસ્તથા ।
બહૂન્યદષ્ટપૂર્વાણિ પશ્યાશ્ચર્યાણિ ભારત ॥ ૬ ॥
ઈહૈકસ્થં જગત્કૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરમ્ ।
મમ દેહે ગુડાકેશ યચ્ચાન્યદ્દ્રષ્ટુમિચ્છસિ ॥ ૭ ॥**

ન તુ માં શક્યસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા ।
દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્ ॥ ૮ ॥

સંજય ઉવાચ (સંજય બોલ્યો)

એવમુક્ત્વા તતો રાજન્મહાયોગેશ્વરો હરિઃ ।
દર્શયામાસ પાર્થાય પરમં રૂપમૈશ્વરમ્ ॥ ૯ ॥
અનેકવક્ત્રનયનમનેકાદ્ભુતદર્શનમ્ ।
અનેકદિવ્યાભરણં દિવ્યાનેકોદ્યતાયુધમ્ ॥ ૧૦ ॥
દિવ્યમાલ્યામ્બરધરં દિવ્યગન્ધાનુલેપનમ્ ।
સર્વાશ્ચર્યમયં દેવમનન્તં વિશ્વતોમુખમ્ ॥ ૧૧ ॥
દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્યુગપદુત્થિતા ।
યદિ ભાઃ સદશી સા સ્યાદ્ભાસસ્તસ્ય મહાત્મનઃ ॥ ૧૨॥
તત્રૈકસ્થં જગત્કૃત્સ્નં પ્રવિભક્તમનેકધા ।
અપશ્યદ્દેવદેવસ્ય શરીરે પાણ્ડવસ્તદા ॥ ૧૩ ॥
તતઃ સ વિસ્મયાવિષ્ટો હૃષ્ટરોમા ધનઞ્જયઃ ।
પ્રણમ્ય શિરસા દેવં કૃતાઞ્જલિરભાષત ॥ ૧૪ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

પશ્યામિ દેવાંસ્તવ દેવ દેહે
સર્વાંસ્તથા ભૂતવિશેષસંઘાન્ ।
બ્રહ્માણમીશં કમલાસનસ્થ–
મૃષીંશ્ચ સર્વાનુરગાંશ્ચ દિવ્યાન્ ॥ ૧૫ ॥

અનેકબાહૂદરવક્ત્રનેત્રં
પશ્યામિ ત્વાં સર્વતોઽનન્તરૂપમ્ ।
નાન્તં ન મધ્યં ન પુનસ્તવાદિં
પશ્યામિ વિશ્વેશ્વર વિશ્વરૂપ ॥ ૧૬ ॥
કિરીટિનં ગદિનં ચક્રિણં ચ
તેજોરાશિં સર્વતો દીપ્તિમન્તમ્ ।
પશ્યામિ ત્વાં દુર્નિરીક્ષ્યં સમન્તા–
દ્દીપ્તાનલાર્કદ્યુતિમપ્રમેયમ્ ॥ ૧૭ ॥
ત્વમક્ષરં પરમં વેદિતવ્યં
ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
ત્વમવ્યયઃ શાશ્વતધર્મગોપ્તા
સનાતનસ્ત્વં પુરુષો મતો મે ॥ ૧૮ ॥
અનાદિમધ્યાન્તમનન્તવીર્ય–
મનન્તબાહું શશિસૂર્યનેત્રમ્ ।
પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્રં
સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ્ ॥ ૧૯ ॥
દ્યાવાપૃથિવ્યોરિદમન્તરં હિ
વ્યાપ્તં ત્વયૈકેન દિશશ્ચ સર્વાઃ ।
દષ્ટ્વાદ્ભુતં રૂપમુગ્રં તવેદં
લોકત્રયં પ્રવ્યથિતં મહાત્મન્ ॥ ૨૦ ॥

અમી હિ ત્વાં સુરસંઘા વિશન્તિ
કેચિદ્ભીતાઃ પ્રાઞ્જલયો ગૃણન્તિ ।
સ્વસ્તીત્યુક્ત્વા મહર્ષિસિદ્ધસંઘાઃ
સ્તુવન્તિ ત્વાં સ્તુતિભિઃ પુષ્કલાભિઃ ॥ ૨૧ ॥
રુદ્રાદિત્યા વસવો યે ચ સાધ્યા
વિશ્વેઽશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ ।
ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસંઘા
વીક્ષન્તે ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે ॥ ૨૨ ॥
રૂપં મહત્તે બહુવક્ત્રનેત્રં
મહાબાહો બહુબાહૂરુપાદમ્ ।
બહૂદરં બહુદંષ્ટ્રાકરાલં
દષ્ટ્વા લોકાઃ પ્રવ્યથિતાસ્તથાહમ્ ॥ ૨૩ ॥
નભઃ સ્પૃશં દીપ્તમનેકવર્ણ
વ્યાત્તાનનં દીપ્તવિશાલનેત્રમ્ ।
દષ્ટ્વા હિ ત્વાં પ્રવ્યથિતાન્તરાત્મા
ધૃતિં ન વિન્દામિ શમં ચ વિષ્ણો ॥ ૨૪ ॥
દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ
દષ્ટ્વૈવ કાલાનલસન્નિભાનિ ।
દિશો ન જાને ન લભે ચ શર્મ
પ્રસીદ દેવેશ જગન્નિવાસ ॥ ૨૫ ॥

અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ
સર્વે સહૈવાવનિપાલસંઘૈઃ ।
ભીષ્મો દ્રોણઃ સૂતપુત્રસ્તથાસૌ
સહાસ્મદીયૈરપિ યોધમુખ્યૈઃ ॥ ૨૬ ॥
વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ
દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ ।
કેચિદ્વિલગ્ના દશનાન્તરેષુ
સંદશ્યન્તે ચૂર્ણિતૈરુત્તમાઙ્ગૈઃ ॥ ૨૭ ॥
યથા નદીનાં બહવોઽમ્બુવેગાઃ
સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ ।
તથા તવામી નરલોકવીરા
વિશન્તિ વક્ત્રાણ્યભિવિજવલન્તિ ॥ ૨૮ ॥
યથા પ્રદીપ્તં જવલનં પતઙ્ગા
વિશન્તિ નાશાય સમૃદ્ધવેગાઃ ।
તથૈવ નાશાય વિશન્તિ લોકા–ઁ
સ્તવાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ ॥ ૨૯ ॥
લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તા–
લ્લોકાન્ સમગ્રાન્ વદનૈર્જ્વલદ્ભિઃ ।
તેજોભિરાપૂર્ય જગત્ સમગ્રં
ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ વિષ્ણો ! ॥ ૩૦ ॥
આખ્યાહિ મે કો ભવાનુગ્રરૂપો
નમોઽસ્તુ તે દેવવર ! પ્રસીદ ।

વિજ્ઞાતુમિચ્છામિ ભવન્તમાદ્યં
ન હિ પ્રજાનામિ તવ પ્રવૃત્તિમ્ ॥ ૩૧ ॥

શ્રીભગવાન ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

કાલોડસ્મિ લોકક્ષયકૃત્ પ્રવૃદ્ધો
લોકાન્ સમાહર્તુમિહ પ્રવૃત્તઃ ।
ઋતેડપિ ત્વાં ન ભવિષ્યન્તિ સર્વે
યેડવસ્થિતાઃ પ્રત્યનીકેષુ યોધાઃ ॥ ૩૨ ॥
તસ્માત્ ત્વમુત્તિષ્ઠ યશો લભસ્વ
જિત્વા શત્રૂન્ ભુઙ્ક્ષ્વ રાજયં સમૃદ્ધમ્ ।
મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ
નિમિત્ત માત્રં ભવ સવ્યસાચિન્ ॥ ૩૩ ॥
દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ
કર્ણં તથાન્યાનપિ યોધવીરાન્ ।
મયા હતાંસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા
યુધ્યસ્વ જેતાસિ રણે સપત્નાન્ ॥ ૩૪ ॥

સંજય ઉવાચ (સંજય બોલ્યો)

એતચ્છ્રુત્વા વચનં કેશવસ્ય
કૃતાઞ્જલિર્વેપમાનઃ કિરીટી ।
નમસ્કૃત્વા ભૂય એવાહ કૃષ્ણં
સગદ્ગદં ભીતભીતઃ પ્રણમ્ય ॥ ૩૫ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

સ્થાને હૃષીકેશ ! તવ પ્રકીર્ત્યા

જગત્ પ્રહૃષ્યત્યનુરજયતે ચ ।
રક્ષાંસિ ભીતાનિ દિશોદ્રવન્તિ
સર્વે નમસ્યન્તિ ચ સિદ્ધસઙ્ઘાઃ ॥ ૩૬ ॥
કસ્માચ્ચ તેન નમેરન્મહાત્મન્ !
ગરીયસે બ્રહ્મણોડપ્યાદિકર્ત્રે ।
અનન્તદેવેશ ! જગન્નિવાસ !
ત્વમક્ષરં સદસત્ તત્પરં યત્ ॥ ૩૭ ॥
ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણઃ
ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
વેત્તાસિ વેદ્યં ચ પરં ચ ધામ
ત્વયા તતં વિશ્વમનન્તરૂપ ! ॥ ૩૮ ॥
વાયુર્યમોડગ્નિર્વરુણઃ શશાંકઃ
પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ ।
નમો નમસ્તેડસ્તુ સહસ્રકૃત્વઃ
પુનશ્ચ ભૂયોડપિ નમો નમસ્તે ॥ ૩૯ ॥
નમઃ પુરસ્તાદથ પૃષ્ઠતસ્તે
નમોડસ્તુ તે સર્વત એવ સર્વ ।
અનન્તવીર્યમિતવિક્રમસ્ત્વં
સર્વં સમાપ્નોષિ તતોડસિ સર્વઃ ॥ ૪૦ ॥
સખેતિ મત્વા પ્રસભં યદુક્તં
હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખેતિ ।
અજાનતા મહિમાનં તવેદં મયા

પ્રમાદાત્ પ્રણયેન વાડપિ ॥ ૪૧ ॥
યચ્ચાવહાસાર્થમસત્કૃતોડસિ
વિહાર શય્યાસનભોજનેષુ ।
એકોડથવાડપ્યચ્યુત ! તત્સમક્ષં
તત્ ક્ષામયે ત્વામહમપ્રમેયમ્ ॥ ૪૨ ॥
પિતાડસિ લોકસ્ય ચરાચરસ્ય
ત્વમસ્ય પૂજ્યશ્ચ ગુરુર્ગરીયાન્ ।
ન ત્વત્સમોડસ્ત્યભ્યધિકઃ કુતોડન્યો
લોકત્રયેડપ્યપ્રતિમપ્રભાવ ! ॥ ૪૩ ॥
તસ્માત્ પ્રણમ્ય પ્રણિધાય કાયં
પ્રસાદયે ત્વામહમીશમીડ્યમ્ ।
પિતેવ પુત્રસ્ય સખેવ સખ્યુઃ
પ્રિયઃ પ્રિયાયાડર્હસિ દેવ સોઢુમ્ ॥ ૪૪ ॥
અદૃષ્ટપૂર્વં હૃષિતોડસ્મિ દૃષ્ટ્વા
ભયેન ચ પ્રવ્યથિતં મનો મે ।
તદેવ મે દર્શય દેવ ! રૂપં
પ્રસીદ દેવેશ ! જગન્નિવાસ ! ॥ ૪૫ ॥
કિરીટિનં ગદિનં ચક્રહસ્ત–
મિચ્છામિ ત્વાં દ્રષ્ટુમહં તથૈવ ।
તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન
સહસ્રબાહો ! ભવ વિશ્વમૂર્તે ! ॥ ૪૬ ॥

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

મયા પ્રસન્નેન તવાર્જુનેદં
રૂપં પરં દર્શિતમાત્મયોગાત્ ।
તેજોમયં વિશ્વમનન્તમાદ્યં
યન્મે ત્વદન્યેન નદૃષ્ટપૂર્વમ્ ॥ ૪૭ ॥
ન વેદયજ્ઞાધ્યયનૈર્ન દાનૈર્ન
ચ ક્રિયાભિર્ન તપોભિરુગ્રૈઃ ।
એવં રૂપઃ શક્ય અહં નૃલોકે
દ્રષ્ટું ત્વદન્યેન કુરુપ્રવીર ॥ ૪૮ ॥
મા તે વ્યથા મા ચ વિમૂઢભાવો
દૃષ્ટ્વા રૂપં ઘોરમીદૃઙ્મમેદમ્ ।
વ્યપેતભીઃ પ્રીતમનાઃ પુનસ્ત્વં
તદેવ મે રૂપમિદં પ્રપશ્ય ॥ ૪૯ ॥
ઈત્યર્જુનં વાસુદેવસ્તથોક્ત્વા
સ્વકં રૂપં દર્શયામાસ ભૂયઃ ।
આશ્વાસયામાસ ચ ભીતમેનં
ભૂત્વા પુનઃ સૌમ્યવપુર્મહાત્મા ॥ ૫૦ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

દૃષ્ટ્વેદં માનુષં રૂપં તવ સૌમ્યં જનાર્દન ! ।
ઈદાનીમસ્મિ સંવૃત્તઃ સચેતાઃ પ્રકૃતિં ગતઃ ॥ ૫૧ ॥

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

સુદુર્દર્શમિદં રૂપં દૃષ્ટવાનસિ યન્મમ ।

દેવા અપ્યસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાઙ્ક્ષિણઃ ॥ ૫૨ ॥
નાહં વૈદૈર્ન તપસા ન દાનેન ન ચેજયયા ।
શક્ય એવંવિધો દષ્ટું દષ્ટવાનસિ માં યથા ॥ ૫૩ ॥
ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોઽર્જુન ।
જ્ઞાતું દષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ ॥ ૫૪ ॥
મત્કર્મકૃત્ મત્પરમો મદ્ભક્તઃ સઙ્ગવર્જિતઃ ।
નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ ! ॥ ૫૫ ॥

ઈતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિશ્વરૂપદર્શનયોગો નામ એકાદશોઽધ્યાયઃ ॥ ૧૧ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ એકાદશોઽધ્યાયઃ

(ગીતાનો અગિયારમો અધ્યાય)

વિશ્વરૂપદર્શનયોગ

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

મદનુગ્રહાય પરમં ગુહ્યમધ્યાત્મસંજ્ઞિતમ્ ।
યત્ ત્વયોક્તં વચસ્તેન મોહોઽયં વિગતો મમ ॥ ૧ ॥

અન્વય	અર્થ
મદ્ અનુ-ગ્રહાય	મારું પોતાનાપણાએ ગ્રહણ કરવા માટે
પરમમ્	જેનાથી પર=પુરુષોત્તમનું અનુમાન થઈ શકે યા જાણી શકાય તેના (તેમજ)
ગુહ્યમ્	બધાના સમક્ષ નહીં કહેવાયોગ્ય તેવા
અધ્યાત્મ-સંજ્ઞિતમ્	આત્મા-અનાત્મવિવેક વિષયપણાએ સર્વાત્મરૂપ
વચઃ	('વિષ્ટભ્યાહમ્' વગેરે) વચનો
યત્	જે
ત્વયા	આપના વડે
ઉક્તમ્	કહેવાયાં છે

તેન	તેના વડે
મમ	મારો
અયમ્	આ રૂપમાં રહેલો
મોહઃ	મોહ-અજ્ઞાન
વિગતઃ	વિશેષ પ્રકારે નષ્ટ થયો છે ॥ ૧ ॥

ભાવાર્થ – મારું પોતાનાપણાએ ગ્રહણ કરવા માટે જેનાથી પર = પુરુષોત્તમનું અનુમાન થઈ શકે યા જાણી શકાય તેના (તેમજ) બધાના સમક્ષ નહીં કહેવા યોગ્ય તેવા આત્મા-અનાત્મવિવેક વિષયપણાએ સર્વાત્મરૂપ ('વિષ્ટભ્યાહમ્' વગેરે) વચનો જે આપના વડે કહેવાયાં છે તેના વડે મારો આ રૂપમાં રહેલો મોહ-અજ્ઞાન વિશેષ પ્રકારે નષ્ટ થયો છે ॥ ૧ ॥

ભવાપ્યયૌ હિ ભૂતાનાં શ્રુતૌ વિસ્તરશો મયા ।
ત્વત્તઃ કમલપત્રાક્ષ ! માહાત્મ્યમપિ ચાવ્યયમ્ ॥ ૨ ॥

અન્વય	અર્થ
હિ	કારણ કે
કમલપત્રાક્ષ	પોતાની દૃષ્ટિથી જ તાપનો નાશ કરનારા કમલના પત્ર જેવાં નેત્રોવાળા હે પ્રભુ !
ભૂતાનામ્	પ્રાણિઓના
ભવાપ્યયૌ	ઉત્પત્તિ-નાશ (બન્ને)
વિસ્તરશઃ	વિસ્તારપૂર્વક

ત્વત્તઃ	આપથી
શ્રુતૌ	સાંભળ્યા
ચ	અને
અવ્યયમ્	સ્થિતિરૂપ-પાલનરૂપ (આપનું)
માહાત્મ્યમ્	નાશના અનન્તર પણ પાલનરૂપ મહત્ત્વ
અપિ	પણ (સાંભળ્યું) (તેના વડે મારો મોહ નષ્ટ થયો છે) ॥ ૨ ॥

ભાવાર્થ – કારણ કે પોતાની દૃષ્ટિથી જ તાપનો નાશ કરનારા કમલના પત્ર જેવાં નેત્રોવાળા હે પ્રભુ ! પ્રાણિઓના ઉત્પત્તિ-નાશ (બન્ને) વિસ્તારપૂર્વક આપથી સાંભળ્યા અને સ્થિતિરૂપ-પાલનરૂપ (આપનું) નાશના અનન્તર પણ પાલનરૂપ મહત્ત્વ પણ (સાંભળ્યું) (તેના વડે મારો મોહ નષ્ટ થયો છે) ॥ ૨ ॥

એવમેતદ્યથાઽઽત્થ ત્વમાત્માનં પરમેશ્વર ।
દ્રષ્ટુમિચ્છામિ તે રૂપમૈશ્વરં પુરુષોત્તમ ॥ ૩ ॥

અન્વય	અર્થ
પરમેશ્વર	હે પરમેશ્વર-સર્વના અધીશ !
યથા	જે પ્રકારે
ત્વમ્	આપ
આત્માનમ્	આપના સ્વરૂપને
આત્થ	('ન મે વિદુઃ સુરગણાઃ' 'વિષ્ટભ્યાહમ્' 'દદામિ બુદ્ધિયોગં તમ્ વગેરેથી સર્વથી અજ્ઞાત આપનું સ્વરૂપ છે, આપ

	સર્વાત્મા સ્વરૂપ છો અને આપનું સ્વરૂપ આપની કૃપા વડે જ જાણી શકાય છે એમ) કહો છો
એવમ્	એ મુજબ જ
એતત્	આ યથાર્થ (ઠીક) છે, (તેથી)
પુરુષોત્તમ !	હે ક્ષર-અક્ષર બન્ને પુરુષોથી પર-ઉત્તમ પુરુષોત્તમ !
તે	તમારા જ
ઐશ્વરમ્	તમારા સમ્બન્ધવાળા નાના વિલાસ કરનાર
રૂપમ્	રૂપને
દ્રષ્ટુમ્	જોવાની
ઈચ્છામિ	ઈચ્છા રાખું છું ॥ ૩ ॥

ભાવાર્થ – હે પરમેશ્વર-સર્વના અધીશ ! જે પ્રકારે આપ આપના સ્વરૂપને (‘ન મે વિદુઃ સુરગણાઃ’ ‘વિષ્ટભ્યાહમ્’ ‘દદામિ બુદ્ધિયોગં તમ્’ વગેરેથી સર્વથી અજ્ઞાત આપનું સ્વરૂપ છે, આપ સર્વાત્મા સ્વરૂપ છો અને આપનું સ્વરૂપ આપની કૃપા વડે જ જાણી શકાય છે એમ) કહો છો એ મુજબ જ આ યથાર્થ (ઠીક) છે, (તેથી) હે ક્ષર-અક્ષર બન્ને પુરુષોથી પર-ઉત્તમ પુરુષોત્તમ ! તમારા જ તમારા સમ્બન્ધવાળા નાના વિલાસ કરનાર રૂપને જોવાની ઈચ્છા રાખું છું ॥ ૩ ॥

મન્યસે યદિ તચ્છક્યં મયા દ્રષ્ટુમિતિ પ્રભો ।
યોગેશ્વર ! તતો મે ત્વં દર્શયાઽઽત્માનમવ્યયમ્ ॥ ૪ ॥

અન્વય	અર્થ
પ્રભો !	હે સર્વકરણ સમર્થ પ્રભો !
મયા	મારા વડે
તત્	તે (આપનું રૂપ)
દ્રષ્ટુમ્	જોઇ શકવું
શક્યમ્	શક્ય છે (દર્શનના અનન્તર ફલરૂપ થાઓ)
ઈતિ	એમ
યદિ	જો (આપ)
મન્યસે	માનો છો (માનતા હો તો)
યોગેશ્વર !	હે યોગના ઈશ્વર-યોગેશ્વર
ત્વમ્	આપ (યોગના પણ ઈશ્વર-નિયામક હોવાથી તે જોવાનું સામર્થ્ય મને આપી તે આપનું રૂપ મને બતાવો)
તતઃ	અને તદન્તર (આ મનોરથની પૂર્તિના અનન્તર)
અવ્યયમ્	(આપનું) અવિનાશિ એવું
આત્માનમ્	આપનું (પુરુષોત્તમ-આનન્દમય) સ્વરૂપ
મે	મને
દર્શય	બતાવો ॥ ૪ ॥

ભાવાર્થ – હે સર્વકરણ સમર્થ પ્રભો ! મારા વડે તે (આપનું રૂપ) જોઇ શકવું શક્ય છે (દર્શનના અનન્તર ફલરૂપ થાઓ) એમ જો (આપ) માનો છો (માનતા હો તો) હે યોગના ઈશ્વર-યોગેશ્વર આપ (યોગના પણ ઈશ્વર-નિયામક હોવાથી તે જોવાનું સામર્થ્ય મને આપી તે આપનું રૂપ

મને બતાવો) અને તદનન્તર (આ મનોરથની પૂર્તિના અનન્તર) (આપનું) અવિનાશિ એવું આપનું (પુરુષોત્તમ-આનન્દમય) સ્વરૂપ મને બતાવો ॥ ૪ ॥

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

પશ્ય મે પાર્થ ! રૂપાણિ શતશોડશ સહસ્રશઃ ।
નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ॥ ૫ ॥

અન્વય	અર્થ
પાર્થઃ	હે ભક્ત પૃથાપુત્ર અર્જુન !
મે	મારા
શતશઃ	સેંકડોં
અથ	તથા
સહસ્રશઃ	હજારો (અસંખ્ય) (તેમજ)
નાનાવિધાનિ	અનેક પ્રકારના (અનેક પ્રકારના ફલ કરનારા)
ચ	અને
નાના વર્ણ-આકૃતીનિ	અનેક પ્રકારના (શુક્લ-લાલ વગેરે) વર્ણોવાળા (તથા) આકૃતિવાળા (તેમ છતાં પણ તે બધા જ)
દિવ્યાનિ	દિવ્ય-ક્રીડા સ્વરૂપના અલૌકિક (નહીં કે માત્ર બતાવવા પૂરતા જ બતાવ્યા હોય તેવા)
રૂપાણિ	રૂપોને
પશ્ય	તું જો ॥ ૫ ॥

ભાવાર્થ – હે ભક્ત પૃથાપુત્ર અર્જુન ! મારાં સેંકડોં તથા હજારો (અસંખ્ય) (તેમજ) અનેક પ્રકારનાં (અનેક પ્રકારનાં ફલ કરનારા) અને અનેક પ્રકારના (શુક્લ-લાલ વગેરે) વર્ણોવાળા (તથા) આકૃતિવાળા (તેમ છતાં પણ તે બધા જ) દિવ્ય-ક્રીડા સ્વરૂપના અલૌકિક (નહીં કે માત્ર બતાવવા પૂરતા જ બતાવ્યા હોય તેવા) રૂપોને તું જો ॥ ૫ ॥

પશ્યાડડદિત્યાન્વસૂન્રુદ્રાન્અશ્વિનૌ મરુતસ્તથા ।
બહૂન્યદૃષ્ટપૂર્વાણિ પશ્યાડડશ્ચર્યાણિ ભારત ॥ ૬ ॥

અન્વય	અર્થ
ભારત !	ઉત્તમવંશમાં જન્મેલ હે અર્જુન !
આદિત્યાન્	અદિતિના દેવરૂપ બાર પુત્રો-આદિત્યોને,
વસૂન્	દેવરૂપ આઠની સંખ્યામાં રહેલા વસૂઓને,
રુદ્રાન્	દેવરૂપ અગિયારની સંખ્યામાં રહેલા રુદ્રોને,
અશ્વિનૌ	દેવરૂપ બન્ને અશ્વિનીકુમારોને (અને)
મરુતઃ	દેવગણ વિશેષ ઓગણપચાસની સંખ્યામાં રહેલા મરુતોને
પશ્ય	જો,
તથા	તેમજ
બહૂનિ	અસંખ્ય રૂપમાં રહેલાં ઘણાંએ
અદૃષ્ટપૂર્વાણિ	પહેલા કોઇએ પણ ન જોયા હોય તેવા
આશ્ચર્યાણિ	એકત્ર અન્યોન્ય વિરુદ્ધ ધર્મોનો સમાવેશ થયેલો હોય તેવા અલૌકિક-આશ્ચર્યને

પશ્ય	તું જો ॥ ૬ ॥

ભાવાર્થ – ઉત્તમવંશમાં જન્મેલ હે અર્જુન ! અદિતિના દેવરૂપ બાર પુત્રો-આદિત્યોને, દેવરૂપ આઠની સંખ્યામાં રહેલા વસૂઓને, દેવરૂપ અગિયારની સંખ્યામાં રહેલા રુદ્રોને, દેવરૂપ બન્ને અશ્વિનીકુમારોને (અને) દેવગણ વિશેષ ઓગણપચાસની સંખ્યામાં રહેલા મરુતોને જો તેમજ અસંખ્ય રૂપમાં રહેલાં ઘણાંએ પહેલાં કોઈએ પણ ન જોયા હોય તેવા એકત્ર અન્યોન્ય વિરુદ્ધ ધર્મોનો સમાવેશ થયેલો હોય તેવા અલૌકિક-આશ્ચર્યને તું જો ॥ ૬ ॥

ઈહૈકસ્થં જગત્કૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરમ્ ।
મમ દેહે ગુડાકેશ ! યચ્ચાન્યદ્દ્રષ્ટુમિચ્છસિ ॥ ૭ ॥
ન ચ માં શક્યસે દ્ષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા ।
દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્ ॥ ૮ ॥

અન્વય	અર્થ
ગુડાકેશ	ગુડાકા=નિદ્રાને ઈશ = જીતી લેનાર હે અર્જુન !
અદ્ય	આ જ સમયે
મમ	મારા (સ્વરૂપભૂત અક્ષરરૂપ)
દેહે	દેહમાં-શરીરમાં
એકસ્થમ્	એકત્ર રૂપમાં સ્થિત થયેલું
સચરાચરમ્	જડ-જીવ સહિતનું
કૃત્સ્નમ્	(એકબીજાથી વિરુદ્ધરૂપમાં દેખાતું) સમ્પૂર્ણ-સમસ્ત
જગત્	ગતિશીલ એવું જગત્

ઈહ	(જેને જોવા ઘણા જન્મો લેવામાં આવે તોય એ સમ્પૂર્ણ ન જોઈ શકાય તેવા આ જગત્‌ને) આ જન્મમાં જ
પશ્ય	તું જો,
અન્યત્	(આ ઉપરાન્ત) બીજું
ચ	પણ (મરણ-મારણાદિરૂપ)
યત્	જે (કંઈ પણ)
દ્રષ્ટુમ્	જોવાની
ઈચ્છસિ	ઈચ્છા કરે છે (તે જો) ॥ ૭ ॥
તુ	પરન્તુ
મામ્	મને (મારા આ સ્વરૂપને)
અનેન	આ (અત્યારે આ શરીરમાં છે તે ચક્ષુ વડે)
દ્રષ્ટુમ્	જોઈ શકવા
એવ	નિઃસન્દેહ
ન શક્યસે	તું સમર્થ-શક્તિમાન્ નથી (અતઃ)
તે	તને
દિવ્યમ્	દિવ્ય-અલૌકિક-અપ્રાકૃત
ચક્ષુઃ	ચક્ષુ (દૃષ્ટિ)
દદામિ	આપું છું (તેના વડે)
સ્વચક્ષુષા	(મારી કૃપા રૂપ દૃષ્ટિ વડે) તારાં (પ્રાકૃત) ચક્ષુઓ વડે

મે	(તારી દષ્ટિ સામે રહેલા પુરુષોત્તમ - મારા વડે) મારા
ઐશ્વરમ્	કરણ-અકરણ-અન્યથા કરણ સામર્થ્યવાળા
યોગયુક્તમ્	યોગથી યુક્ત એવા રૂપને
પશ્ય	તું જો ॥ ૮ ॥

ભાવાર્થ – ગુડાકા=નિદ્રાને, ઈશ = જીતી લેનાર હે અર્જુન ! આ જ સમયે મારા (સ્વરૂપભૂત અક્ષરરૂપ) દેહમાં-શરીરમાં એકત્ર રૂપમાં સ્થિત થયેલું જડ-જીવ સહિતનું (એકબીજાથી વિરુદ્ધરૂપમાં દેખાતું) સમ્પૂર્ણ-સમસ્ત ગતિશીલ એવું જગત્ (જેને જોવા ઘણાં જન્મો લેવામાં આવે તોય એ સમ્પૂર્ણ ન જોઈ શકાય તેવા આ જગત્‌ને) આ જન્મમાં જ તું જો, (આ ઉપરાન્ત) બીજું પણ (મરણ-મારણાદિરૂપ) જે (કંઈ પણ) જોવાની ઈચ્છા કરે છે (તે જો) ॥ ૭ ॥ પરન્તુ મને (મારા આ સ્વરૂપને) આ (અત્યારે આ શરીરમાં છે તે ચક્ષુ વડે) જોઈ શકવા નિઃસન્દેહ તું સમર્થ-શક્તિમાન્ નથી (અતઃ) તને દિવ્ય-અલૌકિક-અપ્રાકૃત ચક્ષુ (દષ્ટિ) આપું છું (તેના વડે) મારી કૃપા રૂપ દષ્ટિ વડે તારી દષ્ટિ સામે રહેલા પુરુષોત્તમ - મારા વડે) મારા કરણ-અકરણ-અન્યથા કરણ સામર્થ્યવાળા યોગથી યુક્ત એવા રૂપને તું જો ॥ ૮ ॥

સઞ્જય ઉવાચ (સંજય બોલ્યો)

એવમુક્ત્વા તતો રાજન્મહાયોગેશ્વરો હરિઃ ।
દર્શયામાસ પાર્થાય પરમં રૂપમૈશ્વરમ્ ॥ ૯ ॥
અનેકવક્ત્રનયનમનેકાદ્ભુતદર્શનમ્ ।
અનેકદિવ્યાભરણં દિવ્યાનેકોદ્યતાયુધમ્ ॥ ૧૦ ॥
દિવ્યમાલ્યામ્બરધરં દિવ્યગન્ધાનુલેપનમ્ ।

સર્વાશ્ચર્યમયં દેવમનન્તં વિશ્વતોમુખમ્ ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
રાજન્	હે રાજા ધૃતરાષ્ટ્ર !
મહાયોગેશ્વરઃ	સર્વકરણ સમર્થ-સર્વ યોગો નિયામક
હરિઃ	(આસુરાવેશી ભીષ્માદિ મારણ વડે) સર્વના દુઃખને દૂર કરનારા ભગવાન હરિએ
એવમ્	આ પ્રમાણે (આ અધ્યાયના શ્લોક ૫ થી ૮ પ્રમાણે સર્વાત્મક યોગબલે)
ઉક્ત્વા	કહીને (અર્જુનને અલૌકિક દષ્ટિ આપીને)
પાર્થાય	પોતે જેનો અંગીકાર કર્યો છે તેવા અર્જુનને
પરમમ્	(પોતાનું) પુરુષોત્તમ
રૂપમ્	રૂપ
દર્શયામાસ	બતાવ્યું,
તતઃ	તદનન્તર-તે પછી
ઐશ્વરમ્	ઐશ્વર રૂપ (બતાવ્યું)॥ ૯ ॥
અનેકવક્ત્ર-નયનમ્	જેમાં અનેક મુખો અને નયનો છે તેવું
અનેકદ્ભુત-દર્શનમ્	નિખિલ લીલાત્મક રૂપો સહિતનું-અનેક અલૌકિક લીલામય દર્શન જેમાં થાય છે તેવું અદ્ભુત દર્શનવાળું,
અનેક દિવ્યા-	દિવ્ય- અલૌકિક અનેક આભરણોથી યુક્ત એવું

ભરણમ્	
દિવ્યાનેકોદ્યતા યુધમ્	અનેક દિવ્ય-અલૌકિક સર્વના દુઃખને દૂર કરનારા એવા શંખ-ગદા વગેરે આયુધો હાથમાં ધારણ કરેલું ॥ ૧૦ ॥
દિવ્યમાલ્યામ્બર ધરમ્	ક્રીડામાં ઉપયુક્ત એવા દિવ્ય માળાઓ તથા વસ્ત્રોને ધારણ કરેલું
દિવ્યગન્ધાનુલેપનમ્	દિવ્ય-અલૌકિક ક્રીડાને માટે ઉદ્ભૂત ગન્ધ જેમાં છે તેવા અનુપલેપન કરેલું,
સર્વાશ્ચર્યમયમ્	સર્વને માટે જેને તર્કથી જાણવું શક્ય નથી (સર્વ પ્રકારના જ્યાં તર્ક પહોંચી શકે તેમ નથી) તેવું,
દેવમ્	સર્વથી પૂજ્ય એવું,
અનન્તમ્	અપરિચ્છિન્ન-વ્યાપક એવું,
વિશ્વતોમુખમ્	સર્વ કંઈ જોનાર અને સર્વ સન્મુખ એવું (પોતાનું વિશ્વરૂપ અર્જુનને બતાવ્યું) ॥ ૧૧ ॥

ભાવાર્થ – હે રાજા ધૃતરાષ્ટ્ર ! સર્વકરણ સમર્થ-સર્વ યોગો નિયામક (આસુરાવેશી ભીષ્માદિ મારણ વડે) સર્વનાં દુઃખને દૂર કરનારા ભગવાન હરિએ આ પ્રમાણે (આ અધ્યાયના શ્લોક ૫ થી ૮ પ્રમાણે) સર્વાત્મક યોગબલે કહીને (અર્જુનને અલૌકિક દૃષ્ટિ આપીને) પોતે જેનો અંગીકાર કર્યો છે તેવા અર્જુનને (પોતાનું) પુરુષોત્તમ રૂપ બતાવ્યું, તદનન્તર-તે પછી ઐશ્વર રૂપ (બતાવ્યું)॥ ૯ ॥ જેમાં અનેક મુખો અને નયનો છે તેવું નિખિલ લીલાત્મક રૂપો સહિતનું-અનેક અલૌકિક લીલામય દર્શન જેમાં થાય છે તેવું અદ્ભુત દર્શનવાળું, દિવ્ય- અલૌકિક અનેક આભૂષણોથી યુક્ત એવું અનેક દિવ્ય-અલૌકિક સર્વના દુઃખને દૂર કરનારા એવા શંખ-ગદા વગેરે આયુધો હાથમાં ધારણ કરેલું ॥ ૧૦ ॥ ક્રીડામાં ઉપયુક્ત એવા દિવ્ય માળાઓ તથા વસ્ત્રોને ધારણ કરેલું દિવ્ય-અલૌકિક ક્રીડાને માટે ઉદ્ભૂત ગન્ધ જેમાં છે તેવા અનુપલેપન કરેલું, સર્વને માટે જેને તર્કથી જાણવું શક્ય નથી (સર્વ પ્રકારના જ્યાં તર્ક પહોંચી શકે તેમ નથી) તેવું, સર્વથી પૂજ્ય એવું, અપરિચ્છિન્ન-વ્યાપક એવું, સર્વ કંઈ જોનાર અને સર્વ સન્મુખ એવું (પોતાનું વિશ્વરૂપ અર્જુનને બતાવ્યું) ॥ ૧૧ ॥

દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્યુગપદુત્થિતા ।

યદિ ભાઃ સદશી સા સ્યાદ્ભાસસ્તસ્ય મહાત્મનઃ ॥ ૧૨ ॥

તત્રૈકસ્થં જગત્કૃત્સ્નં પ્રવિભક્તમનેકધા ।

અપશ્યદ્ દેવદેવસ્ય શરીરે પાણ્ડવસ્તદા ॥ ૧૩ ॥

અન્વય	અર્થ
દિવિ	સ્વર્ગમાં
સૂર્યસહસ્રસ્ય	હજારો સૂર્યો
યુગપત્	એક સાથે ઉદય પામવાથી એક સાથે
ઉત્થિતા	ઉત્પન્ન થયેલ
ભાઃ	પ્રભા-પ્રકાશ (જો)
ભવેત્	થાય
સા	તેવી (પ્રભા પણ)
તસ્ય	તે
મહાત્મનઃ	અનેકાત્મરૂપવાળા પુરુષોત્તમની
ભાસઃ	પ્રભા-પ્રકાશના

સદૃશી	જેવી (તેના સદૃશ)
યદિ	જો કદાચિત્
સ્યાત્	થાય (કિન્તુ તેવી સૂર્યોની પ્રભા પણ તેમની પ્રભા સદૃશ ન જ થાય ॥ ૧૨ ॥
તત્ર	ત્યાં (પ્રભુના તે રૂપમાં જ)
એકસ્થમ્	એકત્ર-એક જ સ્થળે સ્થિત
અનેકધા	અનેક-નાના પ્રકારના
પ્રવિભક્તમ્	વિભાગથી યુક્ત
કૃત્સ્નમ્	સમ્પૂર્ણ
જગત્	જગતને
દેવદેવસ્ય	પૂજ્યોના પણ પૂજ્ય એવાના (ભગવાનના)
શરીરે	શરીરમાં (પૂર્વ પ્રતીયમાન સૂક્ષ્મ રૂપમાં જ)
પાણ્ડવઃ	અર્જુને
અપશ્યત્	જોયું ॥ ૧૩ ॥

ભાવાર્થ – સ્વર્ગમાં હજારો સૂર્યો એક સાથે ઉદય પામવાથી એક સાથે ઉત્પન્ન થયેલ પ્રભા-પ્રકાશ (જો) થાય તેવી (પ્રભા પણ) તે અનેકાત્મરૂપવાળા પુરુષોત્તમની પ્રભા-પ્રકાશના જેવી (તેના સદૃશ) જો કદાચિત્ થાય (કિન્તુ તેવી સૂર્યોની પ્રભા પણ તેમની પ્રભા સદૃશ ન જ થાય ॥ ૧૨ ॥ ત્યાં (પ્રભુના તે રૂપમાં જ) એકત્ર-એક જ સ્થળે સ્થિત અનેક-નાના પ્રકારના વિભાગથી યુક્ત સમ્પૂર્ણ જગતને પૂજ્યોના પણ પૂજ્ય એવાના (ભગવાનના) શરીરમાં (પૂર્વ પ્રતીયમાન સૂક્ષ્મ રૂપમાં જ) અર્જુને જોયું ॥ ૧૩ ॥

તતઃ સ વિસ્મયાવિષ્ટો હૃષ્ટરોમા ધનંજયઃ ।
પ્રણમ્ય શિરસા દેવં કૃતાઞ્જલિરભાષત ॥ ૧૪ ॥

અન્વય	અર્થ
તતઃ	તદનન્તર
સઃ	તે (પૂર્વમાં કહેવાયા મુજબ દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરેલો)
વિસ્મયાવિષ્ટઃ	આશ્ચર્યમાં ડૂબેલો
હૃષ્ટરોમાઃ	હર્ષિત રોમાંચવાળો (અન્તઃ આનન્દથી યુક્ત)
ધનઞ્જયઃ	(ભગવાનની વિભૂતિરૂપમાં પ્રાદુર્ભૂત) અર્જુને
દેવમ્	સર્વના પૂજ્ય-નમસ્કાર કરવા યોગ્ય દેવને
શિરસા	મસ્તક ઝુકાવીને
પ્રણમ્ય	પ્રણામ કરી
કૃતાઞ્જલિઃ	હાથ જોડેલી સ્થિતિમાં
અભાષત	વિજ્ઞપ્તિ કરી ॥ ૧૪ ॥

ભાવાર્થ – તદનન્તર તે (પૂર્વમાં કહેવાયા મુજબ દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરેલો) આશ્ચર્યમાં ડૂબેલો હર્ષિત રોમાંચવાળો (અન્તઃ આનન્દથી યુક્ત) (ભગવાનની વિભૂતિરૂપમાં પ્રાદુર્ભૂત) અર્જુને સર્વના પૂજ્ય-નમસ્કાર કરવા યોગ્ય દેવને મસ્તક ઝુકાવીને પ્રણામ કરી હાથ જોડેલી સ્થિતિમાં વિજ્ઞપ્તિ કરી ॥ ૧૪ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

પશ્યામિ દેવાંસ્ત્વ દેવ ! દેહે
સર્વાંસ્તથા ભૂતવિશેષસંઘાન્ ।
બ્રહ્માણમીશં કમલાસનસ્થ-
મૃષીંશ્ચ સર્વાનુરગાંશ્ચ દિવ્યાન્ ॥ ૧૫ ॥

અન્વય	અર્થ
દેવ	હે સર્વના પૂજ્ય દેવ !
તવ	આપના
દેહે	(સમૃદ્ધ-વ્યાપ્તરૂપ) શરીરમાં
સર્વાન્	બધા જ
દેવાન્	(ક્રીડામય-ઈન્દ્ર વગેરે) દેવોને
તથા	તથા
ભૂતવિશેષ-સઙ્ઘાન્	ક્રીડારૂપ બધા જ અંડજ-જરાયુજ વગેરે ચાર ભેદવાળા ભૂતોના સમુદાયોને (અને)
કમલાસન-સ્થમ્	કમલરૂપ આસન પર બેસેલા (નાભિપદ્મસ્થ)
બ્રહ્માણમ્	બ્રહ્માજીને (તથા)
ઈશમ્	મહાદેવજીને
ચ	અને
દિવ્યાન્	ક્રીડાર્થ પ્રકટ કરેલા-દિવ્ય
સર્વાન્	બધા જ
ઋષીન્	નારદ વગેરે ઋષિઓને
ચ	અને
ઉરગાન્	(તામસ એવા) શેષ વગેરે સર્પોને
પશ્યામિ	જોઈ રહ્યો છું ॥ ૧૫ ॥

ભાવાર્થ – હે સર્વના પૂજ્ય દેવ ! આપના (સમૃદ્ધ-વ્યાપ્તરૂપ) શરીરમાં બધા જ (ક્રીડામય-ઈન્દ્ર વગેરે) દેવોને તથા ક્રીડારૂપ બધા જ અંડજ-જરાયુજ વગેરે ચાર ભેદવાળા ભૂતોના સમુદાયોને (અને) કમલરૂપ આસન પર બેસેલા (નાભિપદ્મસ્થ) બ્રહ્માજીને (તથા) મહાદેવજીને અને ક્રીડાર્થ પ્રકટ કરેલા-દિવ્ય બધા જ નારદ વગેરે ઋષિઓને અને (તામસ એવા) શેષ વગેરે સર્પોને જોઈ રહ્યો છું ॥ ૧૫ ॥

અનેકબાહૂદરવક્ત્રનેત્રં
પશ્યામિ ત્વાં સર્વતોઽનન્તરૂપમ્ ।
નાન્તં ન મધ્યં ન પુનસ્તવાદિં
પશ્યામિ વિશ્વેશ્વર ! વિશ્વરૂપમ્ ॥ ૧૬ ॥

અન્વય	અર્થ
વિશ્વેશ્વર	હે વિશ્વનું પરિપાલન કરનારા વિશ્વેશ્વર !
અનેકબાહૂદર વક્ત્રનેત્રમ્	જેના અનેક બાહુઓ-ઉદરો (પેટ)-મુખો અને નેત્રો છે તેવા (અને)
સર્વતઃ	દરેક બાજુથી જેનાં
અનન્ત રૂપમ્	અનન્ત રૂપો છે તેવા

ત્વામ્	આપને
પશ્યામિ	જોઇ રહ્યો છું,
તવ	તેવા આપના
વિશ્વરૂપમ્	વિશ્વરૂપને (કે જેમાં હું)
ન	ન તો
અન્તમ્	અન્તને-પૂર્ણ થયાના ભાવને,
ન	ન તો
મધ્યમ્	મધ્ય-સ્થિતિ સ્થાનને
પુનઃ	અને વળી
ન	ન તો
આદિમ્	આદિ-ઉત્પત્તિ સ્થાનને
પશ્યામિ	જોઇ રહ્યો છું ॥ ૧૬ ॥

ભાવાર્થ – હે વિશ્વનું પરિપાલન કરનારા વિશ્વેશ્વર ! જેના અનેક બાહુઓ-ઉદરો (પેટ)-મુખો અને નેત્રો છે તેવા (અને) દરેક બાજુથી જેનાં અનન્ત રૂપો છે તેવા આપને જોઇ રહ્યો છું, તેવા આપના વિશ્વરૂપને (કે જેમાં હું) ન તો અન્તને-પૂર્ણ થયાના ભાવને, ન તો મધ્ય-સ્થિતિ સ્થાનને અને વળી ન તો આદિ-ઉત્પત્તિ સ્થાનને જોઇ રહ્યો છું ॥ ૧૬ ॥

કિરીટિનં ગદિનં ચક્રિણં ચ
તેજોરાશિં સર્વતો દીપ્તિમન્તમ્ ।
પશ્યામિ ત્વાં દુર્નિરીક્ષ્યં સમન્તા-

દીપ્તાનલાર્કદ્યુતિમપ્રમેયમ્ ॥ ૧૭ ॥

અન્વય	અર્થ
કિરીટિનમ્	રસાત્મક મુકુટ અલંકારથી યુક્ત,
ગદિનમ્	સકલ પ્રાણોના આધિદૈવિક ધર્મરૂપ ગદાને ધારણ કરેલા
ચ	અને
ચક્રિણમ્	તેજોરૂપ (તથા મોક્ષ દાનને અર્થે) સુદર્શનને ધારણ કરેલા (તથા)
તેજોરાશિમ્	તેજઃપુંજરૂપ
સર્વતઃ	સર્વબાજુથી
દીપ્તિમન્તમ્	ઉદ્દીપક કિરણોથી યુક્ત પ્રકાશમાન
દીપ્તાનલાર્ક-દ્યુતિમ્	પ્રજ્વલિત અગ્નિ અને સૂર્યની દ્યુતિ સદૃશ
દુર્નિરીક્ષ્યમ્	ઘણાં જ કષ્ટ વડે જેનું નિરીક્ષણ થઇ શકે તેવા (જેનું નિરીક્ષણ કરવું શક્ય નથી તેવા) (અને)
અપ્રમેયમ્	અપ્રમેયરૂપ-જેનું શુદ્ધ-પ્રત્યક્ષજ્ઞાન પામવું અશક્ય છે તેવા
સમન્તાત્	સર્વ બાજુથી
ત્વામ્	આપને
પશ્યામિ	જોઇ રહ્યો છું ॥ ૧૭ ॥

ભાવાર્થ – રસાત્મક મુકુટ અલંકારથી યુક્ત, સકલ પ્રાણોના આધિદૈવિક ધર્મરૂપ ગદાને ધારણ કરેલા અને તેજોરૂપ (તથા મોક્ષ દાનને અર્થે)

સુદર્શનને ધારણ કરેલા (તથા) તેજઃપુંજરૂપ સર્વબાજુથી ઉદ્દીપક કિરણોથી યુક્ત પ્રકાશમાન પ્રજવલિત અગ્નિ અને સૂર્યની દ્યુતિ સદશ ઘણાં જ કષ્ટ વડે જેનું નિરીક્ષણ થઈ શકે તેવા (જેનું નિરીક્ષણ કરવું શક્ય નથી તેવા) (અને) અપ્રમેયરૂપ-જેનું શુદ્ધ-પ્રત્યક્ષજ્ઞાન પામવું અશક્ય છે તેવા સર્વ બાજુથી આપને જોઈ રહ્યો છું ॥ ૧૭ ॥

ત્વમક્ષરં પરમં વેદિતવ્યં
ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
ત્વમવ્યયઃ શાશ્વતધર્મગોપ્તા
સનાતનસ્ત્વં પુરુષો મતો મે ॥ ૧૮ ॥

અન્વય	અર્થ
વેદિતવ્યમ્	જ્ઞાનિઓ અને ભક્તો વડે જાણવા યોગ્ય
અક્ષરમ્	(બ્રહ્મ વિશેષણતાએ વ્યાખ્યેય) અક્ષર સ્વરૂપે (સર્વની ઉત્પત્તિના કારણરૂપે)
પરમમ્	પરબ્રહ્મ
ત્વમ્ (એવ)	આપ જ છો (અને)
ત્વમ્ (એવ)	આપ જ
અસ્ય	આ
વિશ્વસ્ય	વિશ્વના
પરમમ્	પરમ ઉત્કૃષ્ટ (મોક્ષરૂપ)
નિધાનમ્	લયસ્થાન આશ્રય છો (તથા)
ત્વમ્ (એવ)	આપ જ

શાશ્વતધર્મ-ગોપ્તા	નિત્યધર્મના પાલક-રક્ષક છો,
ત્વમ્	આપ
અવ્યયઃ	અવિનાશી-નિત્ય (છો),
સનાતનઃ પુરુષઃ	સનાતન પુરુષ-પુરુષોત્તમ છો (એમ)
મે	મારો
મતઃ	મત છે - સમ્મત છે (મારું માનવું છે) ॥ ૧૮ ॥

ભાવાર્થ – જ્ઞાનિઓ અને ભક્તો વડે જાણવા યોગ્ય (બ્રહ્મ વિશેષણતાએ વ્યાખ્યેય) અક્ષર સ્વરૂપે (સર્વની ઉત્પત્તિના કારણરૂપે) પરબ્રહ્મ આપ જ છો (અને) આપ જ આ વિશ્વના પરમ ઉત્કૃષ્ટ (મોક્ષરૂપ) લયસ્થાન આશ્રય છો (તથા) આપ જ નિત્યધર્મના પાલક-રક્ષક છો, આપ અવિનાશી-નિત્ય (છો), સનાતન પુરુષ-પુરુષોત્તમ છો (એમ) મારો મત છે - સમ્મત છે (મારું માનવું છે) ॥ ૧૮ ॥

અનાદિ મધ્યાન્તમનન્તવીર્ય–
મનન્તબાહું શશિસૂર્યનેત્રમ્ ।
પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્રં
સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ્ ॥ ૧૯ ॥

અન્વય	અર્થ
અનાદિ-મધ્યાન્તમ્	જે આદિ-મધ્ય-અન્ત એટલે કે ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય રહિત છે એવા (તથા)

અનન્તવીર્યમ્	અનન્ત પરાક્રમવાળા,
અનન્તબાહુમ્	અનન્ત ક્રિયાશક્તિરૂપ હાથોવાળા,
શશિ-સૂર્ય-નેત્રમ્	ચન્દ્ર-સૂર્ય જેમનાં નેત્ર છે તેવા,
દીપ્તહુતાશ-વક્ત્રમ્	ધૂમાડો વગેરેથી રહિત પ્રજ્વલિત અગ્નિ જેમના મુખમાં છે તેવા,
સ્વતેજસા	પોતાના તેજ વડે
ઈદમ્	આ (દિખાઈ રહેલા)
વિશ્વમ્	વિશ્વને
તપન્તમ્	તપાવી રહેલા-તેજોયુક્ત એવા
ત્વામ્	આપને
પશ્યામિ	જોઈ રહ્યો છું ॥ ૧૯ ॥

ભાવાર્થ – જે આદિ-મધ્ય-અન્ત એટલે કે ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય રહિત છે એવા (તથા) અનન્ત પરાક્રમવાળા, અનન્ત ક્રિયાશક્તિરૂપ હાથોવાળા, ચન્દ્ર-સૂર્ય જેમનાં નેત્ર છે તેવા, ધૂમાડો વગેરેથી રહિત પ્રજ્વલિત અગ્નિ જેમના મુખમાં છે તેવા, પોતાના તેજ વડે આ (દિખાઈ રહેલા) વિશ્વને તપાવી રહેલા-તેજોયુક્ત એવા આપને જોઈ રહ્યો છું ॥ ૧૯ ॥

દ્યાવાપૃથિવ્યોરિદમન્તરં હિ
વ્યાપ્તં ત્વયૈકેન દિશશ્ચ સર્વાઃ ।
દૃષ્ટ્વાદ્ભુતં રૂપમિદં તવોગ્રં

લોકત્રયં પ્રવ્યથિતં મહાત્મન્ ॥ ૨૦ ॥

અન્વય	અર્થ
મહાત્મન્	અત્યારે જે છે, આથી પણ અધિક પ્રકટ કરવાના સામર્થ્યવાળા હે મહાત્મન્ !
ઈદમ્	આ
દ્યાવાપૃથિ-વ્યોઃ અન્તરમ્	સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનું અન્તરિક્ષ
ચ	અને
સર્વાઃ	બધી જ
દિશઃ	દિશાઓ
એકેન	એકમાત્ર
ત્વયા	આપના વડે
હિ	જ
વ્યાપ્તમ્	વ્યાપ્ત છે (તથા)
તવ	આપના
ઈદમ્	આ
અદ્ભુતમ્	અલૌકિક
ઉગ્રમ્	(પહેલાં જોવામાં ન આવ્યું હોય તેવું અદૃષ્ટ) ભયાનક
રૂપમ્	રૂપને

દૃષ્ટ્વા	જોઈને
લોકત્રયમ્	ત્રણે લોક
પ્રવ્યથિતમ્	ખૂબ જ વ્યથિત-ભયભીત થયેલ (જોઈ રહ્યો છું) ॥ ૨૦॥

ભાવાર્થ – અત્યારે જે છે, આથી પણ અધિક પ્રકટ કરવાના સામર્થ્યવાળા હે મહાત્મન્ ! આ સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનું અન્તરિક્ષ અને બધી જ દિશાઓ એકમાત્ર આપના વડે જ વ્યાપ્ત છે (તથા) આપના આ અલૌકિક (પહેલાં જોવામાં ન આવ્યું હોય તેવું અદૃષ્ટ) ભયાનક રૂપને જોઈને ત્રણે લોક ખૂબ જ વ્યથિત-ભયભીત થયેલ (જોઈ રહ્યો છું) ॥ ૨૦॥

અમી હિ ત્વાં સુરસંઘાવિશન્તિ
કેચિદ્ભીતાઃ પ્રાઞ્જલયો ગૃણન્તિ ।
સ્વસ્તીત્યુક્ત્વા મહર્ષિસિદ્ધસંઘાઃ
સ્તુવન્તિ ત્વાં સ્તુતિભિઃ પુષ્કલાભિઃ ॥ ૨૧ ॥

અન્વય	અર્થ
અમી	તે બધા
સુરસંઘાઃ	દેવતાઓનો સમૂહ
ત્વામ્	આપનામાં (આપના સમીપમાં)
હિ	જ
વિશન્તિ	પ્રવેશ કરે છે (શરણે જાય છે),
કેચિત્	કેટલાક (આસુરો)
ભીતાઃ	ભયભીત બની રહી
પ્રાઞ્જલયઃ	હાથ જોડીને
ગૃણન્તિ	(અમારી રક્ષા કરો એમ) બોલે છે (તથા)
મહર્ષિસિદ્ધ-સંઘાઃ	(આ પ્રમાણે મહાન ભય ઉપસ્થિત થયેલો જોઇને) નારદ વગેરે મહર્ષિઓ અને કપિલ વગેરે સિદ્ધોનો સમુદાય
સ્વસ્તિ	જગતનું કલ્યાણ થાઓ
ઇતિ	એમ
ઉક્ત્વા	કહીને
પુષ્કલાભિઃ	પરિપૂર્ણ અર્થવાળી
સ્તુતિભિઃ	સ્તુતિ વડે
ત્વામ્	આપની
સ્તુવન્તિ	સ્તુતિ કરી રહ્યા છે ॥ ૨૧ ॥

ભાવાર્થ – તે બધા દેવતાઓનો સમૂહ આપનામાં (આપના સમીપમાં) જ પ્રવેશ કરે છે (શરણે જાય છે), કેટલાક (આસુરો) ભયભીત બની રહી હાથ જોડીને (અમારી રક્ષા કરો એમ) બોલે છે (તથા) (આ પ્રમાણે મહાન ભય ઉપસ્થિત થયેલો જોઇને) નારદ વગેરે મહર્ષિઓ અને કપિલ વગેરે સિદ્ધોનો સમુદાય જગતનું કલ્યાણ થાઓ એમ કહીને પરિપૂર્ણ અર્થવાળી સ્તુતિ વડે આપની સ્તુતિ કરી રહ્યા છે ॥ ૨૧ ॥

રુદ્રાદિત્યા વસવો યે ચ સાધ્યા
વિશ્વેડશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ ।
ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસઙ્ઘા

વીક્ષન્તે ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે ॥ ૨૨ ॥

અન્વય	અર્થ
યે	જે
રુદ્રાદિત્યાઃ	અગિયાર રુદ્રો, બાર આદિત્યો
ચ	તથા
વસવઃ	આઠ વસુઓ, (અને)
સાધ્યાઃ	(દેવવિશેષ) સાધ્યગણો,
વિશ્વે	વિશ્વેદેવ (તથા)
અશ્વિનૌ	બે અશ્વિનીકુમારો
ચ	અને
મરુતઃ	ઓગણપચાસ મરુદ્ગણો
ચ	અને
ઊષ્મપાઃ	પિતરોનો સમુદાય
ચ	તથા
ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસંઘાઃ	ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ અને સિદ્ધગણોનો સમુદાય છે (તે)
સર્વે	બધા
એવ	જ
વિસ્મિતાઃ	વિસ્મિત થઈને

અન્વય	અર્થ
ત્વામ્	આપને
વીક્ષન્તે	જોઈ રહ્યા છે ॥ ૨૨ ॥

ભાવાર્થ – જે અગિયાર રુદ્રો, બાર આદિત્યો તથા આઠ વસુઓ, (અને) (દેવવિશેષ) સાધ્યગણો, વિશ્વેદેવ (તથા) બે અશ્વિનીકુમારો અને ઓગણપચાસ મરુદ્ગણો અને પિતરોનો સમુદાય તથા ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ અને સિદ્ધગણોનો સમુદાય છે (તે) બધા જ વિસ્મિત થઈને આપને જોઈ રહ્યા છે ॥ ૨૨ ॥

રૂપં મહત્તે બહુવક્ત્રનેત્રં
મહાબાહો બહુબાહૂરુપાદમ્ ।
બહૂદરં બહુદંષ્ટ્રાકરાલં
દષ્ટ્વા લોકાઃ પ્રવ્યથિતાસ્તથાહમ્ ॥ ૨૩ ॥

અન્વય	અર્થ
મહાબાહો	હે મહત્ કૃપાશક્તિયુક્ત લાંબા હાથવાળા પ્રભો !
તે	આપના
બહુવક્ત્રનેત્રમ્	ઘણાં મુખો અને (સર્વત્ર જોવા સમર્થ) ઘણાં નેત્રોવાળા (તથા)
બહુબાહૂરુપાદમ્	ઘણા (બધું જ ગ્રહણ કરવા સમર્થ) હાથો, જંઘાઓ અને (ગમે ત્યાં જઈ શકવા સમર્થ) ઘણા પગોવાળા (તથા)
બહૂદરમ્	ઘણાં ઉદરો (પેટ)વાળા (તથા)
બહુદંષ્ટ્રાકરાલમ્	(બધું જ ચાવી જવા માટે સમર્થ એવી) ઘણી બધી વિકરાલ મોટી દાઢોવાળા

મહત્	મહાન્
રૂપમ્	રૂપને
દૃષ્ટ્વા	જોઇને
લોકાઃ	(આપના રૂપમાં સ્થિતિ કરેલા) લોકો
પ્રવ્યથિતાઃ	પ્રકૃષ્ટતાએ વ્યથિત-વ્યાકુલ થઈ રહ્યા છે
તથા	તથા
અહમ્	હું પણ (વ્યાકુલ થઈ રહ્યો છું) ॥ ૨૩ ॥

ભાવાર્થ – હે મહત્ કૃપાશક્તિયુક્ત લાંબા હાથવાળા પ્રભો ! આપના ઘણાં મુખો અને (સર્વત્ર જોવા સમર્થ) ઘણાં નેત્રોવાળા (તથા) ઘણા (બધું જ ગ્રહણ કરવા સમર્થ) હાથો, જંઘાઓ અને (ગમે ત્યાં જઈ શકવા સમર્થ) ઘણા પગોવાળા (તથા) ઘણાં ઉદરો (પેટ)વાળા (તથા) (બધું જ ચાવી જવા માટે સમર્થ એવી) ઘણી બધી વિકરાલ મોટી દાઢોવાળા મહાન્ રૂપને જોઈને (આપના રૂપમાં સ્થિતિ કરેલા) લોકો પ્રકૃષ્ટતાએ વ્યથિત-વ્યાકુલ થઈ રહ્યા છે તથા હું પણ (વ્યાકુલ થઈ રહ્યો છું) ॥ ૨૩॥

નભઃ સ્પૃશં દીપ્તમનેકવર્ણ
વ્યાત્તાનનં દીપ્તવિશાલનેત્રમ્ ।
દૃષ્ટ્વા હિ ત્વાં પ્રવ્યથિતાન્તરાત્મા
ધૃતિં ન વિન્દામિ શમં ચ વિષ્ણો ॥ ૨૪ ॥

અન્વય	અર્થ
વિષ્ણો !	હે વિષ્ણો !
નભઃસ્પૃશમ્	આકાશને સ્પર્શ કરી રહેલા (આકાશમાં વ્યાપિ રહેલા)
દીપ્તમ્	દેદીપ્યમાન-પ્રજ્વલ તેજોરાશિવાળા (માત્ર ધ્યાનથી જ જાણી શકાય તેવા
અનેકવર્ણમ્	અનેક સફેદ-લાલ વગેરે વર્ણો જેના છે તેવા (નિશ્ચયયોગ્ય) (તથા)
વ્યાત્તાનનમ્	ફેલાવેલા મુખોવાળા (પ્રાર્થના યોગ્ય) (અને)
દીપ્તવિશાલનેત્રમ્	જ્વલિતરૂપે વિશાલ નેત્રોવાળા (દર્શનયોગ્ય)
ત્વામ્	આપને
દૃષ્ટ્વા	જોઇને
પ્રવ્યથિતાન્તરાત્મા	વ્યાકુલ-ભયભીત અન્તરાત્માવાળો હું
હિ	નિશ્ચય કરીને
ધૃતિમ્	ધૈર્યને
ચ	અને
શમમ્	શાન્તિને
ન	નથી
વિન્દામિ	પ્રાપ્ત થઈ રહ્યો ॥ ૨૪ ॥

ભાવાર્થ – હે વિષ્ણો ! આકાશને સ્પર્શ કરી રહેલા (આકાશમાં વ્યાપિ રહેલા) દેદીપ્યમાન-પ્રજ્વલ તેજોરાશિવાળા (માત્ર ધ્યાનથી જ જાણી શકાય તેવા અનેક સફેદ-લાલ વગેરે વર્ણો જેના છે તેવા (નિશ્ચયયોગ્ય) (તથા) ફેલાવેલા મુખોવાળા (પ્રાર્થના યોગ્ય) (અને) જ્વલિતરૂપે વિશાલ

નેત્રોવાળા (દર્શનયોગ્ય) આપને જોઇને વ્યાકુલ-ભયભીત અન્તરાત્માવાળો હું નિશ્ચય કરીને ધૈર્યને અને શાન્તિને નથી પ્રાપ્ત થઇ રહ્યો ॥ ૨૪ ॥

દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ
દૃષ્ટ્વૈવ કાલાનલસન્નિભાનિ।
દિશો ન જાને ન લભે ચ શર્મ
પ્રસીદ દેવેશ ! જગન્નિવાસ !॥ ૨૫ ॥

અન્વય	અર્થ
દેવેશ !	હે સર્વ પૂજ્ય દેવેશ !
તે	આપનાં
મુખાનિ	મુખોને
દંષ્ટ્રાકરાલાનિ	મોટી દાઢો વડે વિકરાલ-ભય ઉત્પન્ન કરનાર
ચ	અને
કાલાનલસન્નિભાનિ	પ્રલયના અગ્નિ સમાન પ્રજ્વલિત
દૃષ્ટ્વા	જોઇને (ભયના માટે)
દિશઃ	દિશાઓ
ન	નથી
જાને	જાણતો (જણાતી નથી) (ક્યાં જવું તે સૂઝતું નથી)
ચ	અને

શર્મ	(આપને જોવાનું સુખ થવું જોઈએ તે) સુખ
એવ	પણ
ન	નથી
લભે	પ્રાપ્ત થઇ રહ્યું (અતઃ)
જગન્નિવાસ	હે જગતના પાલક-જગન્નિવાસ !
પ્રસીદ	પ્રસન્ન થાઓ (મારે જ્યાં જવું જોઈએ તે સુઝાડો) ॥ ૨૫ ॥

ભાવાર્થ – હે સર્વ પૂજ્ય દેવેશ ! આપના મુખોને મોટી દાઢો વડે વિકરાલ-ભય ઉત્પન્ન કરનાર અને પ્રલયના અગ્નિ સમાન પ્રજ્વલિત જોઈને (ભયના માટે) દિશાઓ નથી જાણતો (જણાતી નથી) (ક્યાં જવું તે સૂઝતું નથી) અને (આપને જોવાનું સુખ થવું જોઈએ તે) સુખ પણ નથી પ્રાપ્ત થઇ રહ્યું (અતઃ) હે જગતના પાલક-જગન્નિવાસ ! પ્રસન્ન થાઓ (મારે જ્યાં જવું જોઈએ તે સુઝાડો) ॥ ૨૫ ॥

અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ
સર્વે સહૈવાવનિપાલસઙ્ઘૈઃ ।
ભીષ્મો દ્રોણઃ સૂતપુત્રસ્તથાઽસૌ
સહાસ્મદીયૈરપિ યોધમુખ્યૈઃ ॥ ૨૬ ॥
વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ
દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ ।
કેચિદ્વિલગ્ના દશનાન્તરેષુ
સન્દશ્યન્તે ચૂર્ણિતૈરુત્તમાઙ્ગૈઃ ॥ ૨૭ ॥

અન્વય	અર્થ
અમી	(બહાર રહેલા) તે
સર્વે	બધા જ
એવ	જ
ધૃતરાષ્ટ્રસ્ય	(અંધ) ધૃતરાષ્ટ્રના
પુત્રાઃ	(આલોચનરહિત) પુત્રો
અવનિપાલ-સઙ્ઘૈઃ	(જયદ્રથ વગેરે) રાજાઓના સમુદાય
સહ	સહિત
ત્વામ્	આપનામાં (પ્રવેશ કરી રહ્યા છે)
ચ	અને
ભીષ્મઃ	(મુખ્ય યોદ્ધા) ભીષ્મ,
દ્રોણઃ	(શાસ્ત્રવિશારદ) દ્રોણ
તથા	તથા
સૂતપુત્રઃ	સૂતપુત્ર કર્ણ (અને)
અસ્મદીયૈઃ	અમારા પક્ષના
અપિ	પણ
યોધમુખ્યૈઃ	(ધૃષ્ટદ્યુમ્ન વગેરે) પ્રધાન યોદ્ધાઓ
સહ	સહિત (બધા જ) ॥ ૨૬ ॥

ત્વરમાણાઃ	વેગયુક્ત
તે	આપના
દંષ્ટ્રાકરાલાનિ	વિકરાલ મોટી દાઢોવાળા
ભયાનકાનિ	(સ્વતઃ પણ) ભય કરનારા
વક્ત્રાણિ	મુખોમાં
વિશન્તિ	પ્રવેશ કરી રહ્યા છે (અને)
કેચિત્	(પ્રવેશના અનન્તર તે પૈકીના) કેટલાકો
દશનાન્તરેષુ	દાંતોના વચમાં રહેલા છિદ્રોમાં
વિસગ્નાઃ	લાગેલા
ઉત્તમાઙ્ગૈઃ	તેમના શિર સહિત (તેઓ)
ચૂર્ણિતૈઃ	ચૂર-ચૂર થઇ ગયેલા
સંદૃશ્યન્તે	દેખાઈ રહ્યા છે ॥ ૨૭ ॥

ભાવાર્થ – (બહાર રહેલા તે) બધા જ (અંધ) ધૃતરાષ્ટ્રના (આલોચનરહિત) પુત્રો (જયદ્રથ વગેરે) રાજાઓના સમુદાય સહિત આપનામાં (પ્રવેશ કરી રહ્યા છે) અને (મુખ્ય યોદ્ધા) ભીષ્મ, (શાસ્ત્રવિશારદ) દ્રોણ તથા સૂતપુત્ર કર્ણ (અને) અમારા પક્ષના પણ (ધૃષ્ટદ્યુમ્ન વગેરે) પ્રધાન યોદ્ધાઓ સહિત (બધા જ) ॥ ૨૬ ॥ વેગયુક્ત આપના વિકરાલ મોટી દાઢોવાળા (સ્વતઃ પણ) ભય કરનારા મુખોમાં પ્રવેશ કરી રહ્યા છે (અને) (પ્રવેશના અનન્તર તે પૈકીના) કેટલાકો દાંતોના વચમાં રહેલાં છિદ્રોમાં લાગેલા તેમના શિર સહિત (તેઓ) ચૂર-ચૂર થઇ ગયેલા દેખાઈ રહ્યા છે ॥ ૨૭ ॥

યથા નદીનાં બહવોડમ્બુવેગાઃ
સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ ।
તથા તવામી નરલોકવીરા
વિશન્તિ વક્ત્રાણ્યભિવિજવલન્તિ ॥ ૨૮ ॥
યથા પ્રદીપ્તં જવલનં પતઙ્ગા
વિશન્તિ નાશાય સમૃદ્ધવેગાઃ ।
તથૈવ નાશાય વિશન્તિ લોકા
સ્તવાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ ॥ ૨૯ ॥

અન્વય	અર્થ
યથા	જેમ
નદીનામ્	નદીઓનો (વહી રહેલો)
બહવઃ	ઘણાં
અમ્બુવેગાઃ	જલનો પ્રવાહ
સમુદ્રમ્	(પોતાનું લયસ્થાન) સમુદ્રના
એવ	જ
અભિમુખાઃ	સન્મુખ થઈને
દ્રવન્તિ	દોડે છે (સમુદ્રમાં જ પ્રવેશે છે)
તથા	તે જ રીતે
અમી	આ (બધા)
નરલોકવીરાઃ	શૂરવીર મનુષ્યોનો સમુદાય
અભિવિ-જ્વલન્તિ	સર્વબાજુથી દીપ્યમાન-પ્રજ્વલિત એવા
તવ	આપના
વક્ત્રાણિ	મુખોમાં
વિશન્તિ	પ્રવેશ કરી રહ્યા છે ॥ ૨૮ ॥
યથા	જેમ
પતઙ્ગાઃ	ઝીણા સૂક્ષ્મ કીટ-કીડાઓ (અથવા પતંગિયાઓ)
સમૃદ્ધવેગાઃ	પોતાની પાંખોના વેગના મદમાં ઘમણ્ડી બનેલાઓ (મોહવશ)
નાશાય	નાશ-મરણને અર્થે
પ્રદીપ્તમ્	પ્રદીપ્ત
જ્વલનમ્	અગ્નિમાં
વિશન્તિ	પ્રવેશ કરે છે,
તથા	તે પ્રકારે
એવ	જ
લોકાઃ	(સમૃદ્ધ વેગવાળા ઘમંડમાં ચૂર બનેલા પૂર્વમાં કહેવાઈ ગયેલા) આ લોકો
અપિ	પણ
નાશાય	પોતાના નાશ માટે

તવ	આપના
વક્ત્રાણિ	મુખોમાં
સમૃદ્ધવેગાઃ	અતિવેગે
વિશન્તિ	પ્રવેશ કરી રહ્યા છે ।। ૨૯ ।।

ભાવાર્થ – જેમ નદીઓનો (વહી રહેલો) ઘણાં જલનો પ્રવાહ (પોતાનું લયસ્થાન) સમુદ્રના જ સન્મુખ થઈને દોડે છે (સમુદ્રમાં જ પ્રવેશે છે) તે જ રીતે આ (બધા) શૂરવીર મનુષ્યોનો સમુદાય સર્વબાજુથી દીપ્યમાન-પ્રજ્વલિત એવા આપના મુખોમાં પ્રવેશ કરી રહ્યા છે ।। ૨૮ ।। જેમ ઝીણા સૂક્ષ્મ કીટ-કીડાઓ (અથવા પતંગિયાઓ) પોતાની પાંખોના વેગના મદમાં ઘમણ્ડી બનેલાઓ (મોહવશ) નાશ-મરણને અર્થે પ્રદીપ્ત અગ્નિમાં પ્રવેશ કરે છે, તે પ્રકારે જ (સમૃદ્ધ વેગવાળા ઘમંડમાં ચૂર બનેલા પૂર્વમાં કહેવાઈ ગયેલા) આ લોકો પણ પોતાના નાશ માટે આપના મુખોમાં અતિવેગે પ્રવેશ કરી રહ્યા છે ।। ૨૯ ।।

લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તા-
લ્લોકાન્ સમગ્રાન્ વદનૈર્જ્વલદ્ભિઃ ।
તેજોભિરાપૂર્ય જગત્ સમગ્રં
ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ વિષ્ણો ! ।। ૩૦ ।।

અન્વય	અર્થ
સમગ્રાન્	સમ્પૂર્ણ
લોકાન્	લોકોનું
જ્વલદ્ભિઃ	પ્રજ્વલિત
વદનૈઃ	મુખો દ્વારા
ગ્રસમાનઃ	ગ્રસન કરતાં
સમન્તાત્	(તેમનો નાશ કરવાની ઈચ્છાથી) સર્વ બાજુથી
લેલિહ્યસે	ચાટીને ભક્ષણ કરી રહ્યા છો,
વિષ્ણો !	હે સર્વ પાલક વિષ્ણો ! (સાત્ત્વિકોના રક્ષણાર્થ જ સાત્ત્વિકોના અધિષ્ઠાતા એવા આપ આ બધાનો નાશ કરી રહ્યા છો),
તવ	આપનો
ઉગ્રાઃ	તપાવવા સમર્થ એવો ઉગ્ર
ભાસઃ	પ્રકાશ (કિરણો)
સમગ્રમ્	સમ્પૂર્ણ
જગત્	જગતને
તેજોભિઃ	સ્ફુરાયમાન કાન્તિ વડે
આપૂર્ય	પરિપૂર્ણ કરીને
પ્રતપન્તિ	તપાવી-સન્તાપી રહ્યા છો ।। ૩૦ ।।

ભાવાર્થ – સમ્પૂર્ણ લોકોનું પ્રજ્વલિત મુખો દ્વારા ગ્રસન કરતાં (તેમનો નાશ કરવાની ઈચ્છાથી) સર્વ બાજુથી ચાટીને ભક્ષણ કરી રહ્યા છો, હે સર્વ પાલક વિષ્ણો ! (સાત્ત્વિકોના રક્ષણાર્થ જ સાત્ત્વિકોના અધિષ્ઠાતા એવા આપ આ બધાનો નાશ કરી રહ્યા છો), આપનો, તપાવવા સમર્થ એવો ઉગ્ર પ્રકાશ (કિરણો) સમ્પૂર્ણ જગતને સ્ફુરાયમાન કાન્તિ વડે પરિપૂર્ણ કરીને તપાવી-સન્તાપી રહ્યા છો ।। ૩૦ ।।

આખ્યાહિ મે કો ભવાનુગ્રરૂપો
નમોડસ્તુ તે દેવવર ! પ્રસીદ ।
વિજ્ઞાતુમિચ્છામિ ભવન્તમાદ્યં
ન હિ પ્રજાનામિ તવ પ્રવૃત્તિમ્ ॥ ૩૧ ॥

અન્વય	અર્થ
મે	મને (આપ)
આખ્યાહિ	કહો (કે)
ભવાન્	પૂર્વરૂપે દેખાઇ રહેલા
ઉગ્રરૂપઃ	ઉગ્રરૂપ (આપ)
કઃ	કોણ છો,
દેવવર !	હે દેવોમાં શ્રેષ્ઠ ! (દેવો પૂજનથી સન્તુષ્ટ થાય છે, આપ તો તેમનાથી પણ શ્રેષ્ઠ-તેમના પ્રભુ છો તેથી)
તે	(આપની પ્રસન્નતામાં નમન જ સાધન હોવાથી) આપને
નમઃ	નમસ્કાર
અસ્તુ	હો,
પ્રસીદ	આપ પ્રસન્ન હો,
આદ્યમ્	આદ્ય મૂલભૂત પુરુષોત્તમ એવા
ભવન્તમ્	આપને
વિજ્ઞાતુમ્	વિશેષ પ્રકારે લીલાસહિત જાણવાની
ઈચ્છામિ	ઈચ્છા રાખું છું,
હિ	નિશ્ચય કરીને
તવ	આપની
પ્રવૃત્તિમ્	અહીં પ્રકટ થવાના સ્વરૂપની આપની ચેષ્ટા-લીલાને (હું)
ન	નથી
જાનામિ	જાણતો (જાણી શકતો નથી) ॥ ૩૧ ॥

ભાવાર્થ – મને (આપ) કહો (કે) પૂર્વરૂપે દેખાઇ રહેલા ઉગ્રરૂપ (આપ) કોણ છો, હે દેવોમાં શ્રેષ્ઠ ! (દેવો પૂજનથી સન્તુષ્ટ થાય છે, આપ તો તેમનાથી પણ શ્રેષ્ઠ-તેમના પ્રભુ છો તેથી) (આપની પ્રસન્નતામાં નમન જ સાધન હોવાથી) આપને નમસ્કાર હો, આપ પ્રસન્ન હો, આદ્ય મૂલભૂત પુરુષોત્તમ એવા આપને વિશેષ પ્રકારે લીલાસહિત જાણવાની ઈચ્છા રાખું છું, નિશ્ચય કરીને આપની અહીં પ્રકટ થવાના સ્વરૂપની આપની ચેષ્ટા-લીલાને (હું) નથી જાણતો (જાણી શકતો નથી) ॥ ૩૧ ॥

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બૉલ્યા)

કાલોડસ્મિ લોકક્ષયકૃત્ પ્રવૃદ્ધો
લોકાન્ સમાહર્તુમિહ પ્રવૃત્તઃ ।
ઋતેડપિ ત્વાં ન ભવિષ્યન્તિ સર્વે
યેડવસ્થિતાઃ પ્રત્યનીકેષુ યોધાઃ ॥ ૩૨ ॥

અન્વય	અર્થ
લોકક્ષયકૃત્	લોકોનો વિનાશ કરનાર
પ્રવૃદ્ધઃ	પ્રકૃષ્ટતાએ વધેલો (અને)

લોકાન્	લોકોનો-પ્રાણિઓનો
સમાહર્તુમ્	બહારથી તેમનો સંહાર કરવા-પોતાનામાં લીન કરવા
પ્રવૃત્તઃ	પ્રવૃત્ત થયેલો
કાલઃ	(હું) કાલ
અસ્મિ	છું (જે તેં દાઢોના વચમાં ચૂરચૂર થતા યોદ્ધાઓ તેં જોયા તે કાલ મારું સ્વરૂપ છે) (તેથી)
પ્રત્યનીકેષુ	પ્રતિપક્ષીઓની સેનામાં
અવસ્થિતાઃ	સ્થિત થયેલા-રહેલા
યોધાઃ	યોદ્ધાઓ છે (તે)
સર્વે	બધા
ત્વમ્	(મારો કૃપાપાત્ર અને મને જોનાર એવા) તારા
ઋતે	વિના
અપિ	પણ
ન	નહીં
ભવિષ્યન્તિ	રહેશે ॥ ૩૨ ॥

ભાવાર્થ – લોકોનો વિનાશ કરનાર પ્રકૃષ્ટતાએ વધેલો (અને) લોકોનો-પ્રાણિઓનો બહારથી તેમનો સંહાર કરવા-પોતાનામાં લીન કરવા પ્રવૃત્ત થયેલો (હું) કાલ છું (જે તેં દાઢોના વચમાં ચૂરચૂર થતા યોદ્ધાઓ તેં જોયા તે કાલ મારું સ્વરૂપ છે) (તેથી) પ્રતિપક્ષીઓની સેનામાં સ્થિત થયેલા-રહેલા યોદ્ધાઓ છે (તે) બધા (મારો કૃપાપાત્ર અને મને જોનાર એવા) તારા વિના પણ નહીં રહેશે ॥ ૩૨ ॥

તસ્માત્ ત્વમુત્તિષ્ઠ યશો લભસ્વ
જિત્વા શત્રૂન્ ભુઙ્ક્ષ્વ રાજ્યં સમૃદ્ધમ્ ।
મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ નિમિત્ત-
માત્રં ભવ સવ્યસાચિન્ ॥ ૩૩ ॥

અન્વય	અર્થ
તસ્માત્	તેથી
સવ્યસાચિન્	ડાબા હાથે પણ બાણનું સંધાન કરી શકનાર હે અર્જુન !
ત્વમ્	તું
ઉત્તિષ્ઠ	ઊભો થા (યુદ્ધને માટે સજ્જ થા),
યશઃ	(ડાબા હાથે જ અર્જુને બધાને મારી નાખ્યા તેવા) યશને
લભસ્વ	પ્રાપ્ત કર (તથા
શત્રૂન્	દુર્યોધન વગેરે શત્રુઓને
જિત્વા	જીતીને
સમૃદ્ધમ્	સમૃદ્ધ એવા
રાજ્યમ્	રાજ્યનો
ભુઙ્ક્ષ્વ	ભોગ કર (અને)
એતે	આ બધા (શૂરવીરો)
પૂર્વમ્	(તારા વડે મરાતાં) પહેલાં

એવ	જ
મયા	મારા વડે
નિહતાઃ	મારવામાં આવેલા છે (તેથી તું)
નિમિત્ત-માત્ર	(અર્જુને બધાને માર્યા એમ લોક કથનાર્થ) કેવલ નિમિત્તમાત્ર
એવ	જ
ભવ	થા ॥ ૩૩ ॥

ભાવાર્થ – તેથી ડાબા હાથે પણ બાણનું સંધાન કરી શકનાર હે અર્જુન! તું ઊભો થા (યુદ્ધને માટે સજ્જ થા), (ડાબા હાથે જ અર્જુને બધાને મારી નાખ્યા તેવા) યશને પ્રાપ્ત કર (તથા દુર્યોધન વગેરે શત્રુઓને જીતીને સમૃદ્ધ એવા રાજ્યનો ભોગ કર (અને) આ બધા (શૂરવીરો) (તારા વડે મરાતાં) પહેલાં જ મારા વડે મારવામાં આવેલા છે (તેથી તું) (અર્જુને બધાને માર્યા એમ લોક કથનાર્થ) કેવલ નિમિત્તમાત્ર જ થા ॥ ૩૩ ॥

દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ
કર્ણં તથાન્યાનપિ યોધવીરાન્ ।
મયા હતાંસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા
યુધ્યસ્વ જેતાસિ રણે સપત્નાન્ ॥ ૩૪ ॥

અન્વય	અર્થ
દ્રોણમ્	(બ્રાહ્મણ હોઈને પણ) દ્રોણાચાર્યને
ચ	અને
ભીષ્મમ્	(ભક્ત હોઈને પણ) ભીષ્મ પિતામહને

ચ	અને
જયદ્રથમ્	(શિવનો કૃપાપાત્ર અને વરદાન પ્રાપ્ત હોઈને પણ) જયદ્રથને
ચ	અને
કર્ણમ્	(કુન્તીનો પુત્ર હોઈને પણ) કર્ણને
તથા	તેમજ (તેવા જ)
અન્યાન્	બીજાઓ
અપિ	પણ (ઘણાં)
યોધવીરાન્	યુદ્ધ વિશારદો
મયા	મારા વડે
હતાન્	હણાયેલા છે (તેમને)
ત્વમ્	તું
જહિ	માર,
મા વ્યથિષ્ઠાઃ	(બ્રાહ્મણ-ગુરુ-પૂજ્ય-વડીલ-બંધુઓ વગેરેને મારવામાં) શોક કર નહીં,
રણે	રણ મેદાનમાં
સપત્નાન્	શત્રુઓને (તું અવશ્ય)
જેતાસિ	જીતશે (અતઃ)
યુધ્વસ્વ	તું યુદ્ધ કર ॥ ૩૪ ॥

ભાવાર્થ – (બ્રાહ્મણ હોઈ ને પણ) દ્રોણાચાર્યને અને (ભક્ત હોઈને પણ) ભીષ્મ પિતામહને અને (શિવનો કૃપાપાત્ર અને વરદાન પ્રાપ્ત હોઈને પણ) જયદ્રથને અને (કુન્તીનો પુત્ર હોઈને પણ) કર્ણને તેમજ (તેવા જ) બીજાઓ પણ (ઘણા) યુદ્ધ વિશારદો મારા વડે હણાયેલા છે (તેમને) તું માર, (બ્રાહ્મણ-ગુરુ-પૂજ્ય-વડીલ-બંધુઓ વગેરેને મારવામાં) શોક કર નહીં, રણ મેદાનમાં શત્રુઓને (તું અવશ્ય) જીતશે (અતઃ) તું યુદ્ધ કર ॥ ૩૪ ॥

સંજય ઉવાચ (સંજય બોલ્યો)

એતચ્છ્રુત્વા વચનં કેશવસ્ય
કૃતાઞ્જલિર્વેપમાનઃ કિરીટી ।
નામસ્કૃત્વા ભૂય એવાહકૃષ્ણં
સગદ્ગદં ભીતભીતઃ પ્રણમ્ય ॥ ૩૫ ॥

અન્વય	અર્થ
કેશવસ્ય	બ્રહ્મા તથા શિવને પણ મોક્ષ દાન કરનારા કેશવ ભગવાનના
એતત્	આ (પૂર્વમાં કહેવાયેલાં)
વચનમ્	વચનોને
શ્રુત્વા	સાંભળીને
કિરીટી	મુકુટધારી અર્જુન
કૃતાઞ્જલિઃ	હાથ જોડતાં (ભગવાને રાજ્યભોગમાં વિનિયુક્ત કર્યો છે તે અયુક્ત છે એમ માનનારો મોક્ષની અભિલાષાવાળો હોઈ)

વેપમાનઃ	કાંપતાં
નમસ્કૃત્વા	નમસ્કાર કરીને
ભીતભીતઃ	(ભગવાનની આજ્ઞા થતાં તે અંગે ફરીથી વિજ્ઞાપન કરવામાં કદાચ ભગવાન અપ્રસન્ન થશે તેવા) ભયથી ડરેલો
પ્રણમ્ય	મનથી ભગવાનને પ્રણામ કરીને
કૃષ્ણમ્	સદાનન્દ શ્રીકૃષ્ણને
સગદ્ગદમ્	પ્રેમથી ઉપસદ્ધકંઠવાળો થઈને
ભૂયઃ	ફરીથી
એવ	જ (નમસ્કાર કરીને)
આહ	બોલ્યો ॥ ૩૫ ॥

ભાવાર્થ – બ્રહ્મા તથા શિવને પણ મોક્ષ દાન કરનારા કેશવ ભગવાનના આ (પૂર્વમાં કહેવાયેલા) વચનોને સાંભળીને મુકુટધારી અર્જુન હાથ જોડતાં (ભગવાને રાજ્યભોગમાં વિનિયુક્ત કર્યો છે તે અયુક્ત છે એમ માનનારો મોક્ષની અભિલાષાવાળો હોઈ) કાંપતાં નમસ્કાર કરીને (ભગવાનની આજ્ઞા થતાં તે અંગે ફરીથી વિજ્ઞાપન કરવામાં કદાચ ભગવાન અપ્રસન્ન થશે તેવા) ભયથી ડરેલો મનથી ભગવાનને પ્રણામ કરીને સદાનન્દ શ્રીકૃષ્ણને પ્રેમથી ઉપસદ્ધકંઠવાળો થઈને ફરીથી જ (નમસ્કાર કરીને) બોલ્યો ॥ ૩૫ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

સ્થાને હૃષીકેશ ! તવ પ્રકીર્ત્યા
જગત્ પ્રહૃષ્યત્યનુરજ્યતે ચ ।
રક્ષાંસિ ભીતાનિ દિશોદ્રવન્તિ
સર્વે નમસ્યન્તિ ચ સિદ્ધસઙ્ઘાઃ ॥ ૩૬ ॥

અન્વય	અર્થ
હૃષીકેશ !	હે સર્વ ઈન્દ્રિયોના પ્રેરક હૃષીકેશ !
સ્થાને	આ યથાસ્થાન-યથાયોગ્ય જ (છે કે)
યત્	જે
તવ	આપના
પ્રકીર્ત્યા	ગુણ સંકીર્તન વડે
જગત્	જગત
પ્રહૃષ્યતિ	હર્ષને પ્રાપ્ત થાય છે - અતિ હર્ષિત થાય છે
ચ	અને
અનુરજ્યતે	(કીર્તન શ્રવણ વડે) અનુરાગ યુક્ત થાય છે (તથા)
રક્ષાંસિ	રાક્ષસો (આપનાં કીર્તન વડે જ)
ભીતાનિ	ભયભીત થયેલા (થઈને)
દિશઃ	દિશાઓમાં (આમ-તેમ)
દ્રવન્તિ	પલાયન થઈ જાય છે
ચ	અને
સિદ્ધસઙ્ઘાઃ	સિદ્ધસંઘો (જ્ઞાન પ્રાપ્ત કરેલાઓનો સમૂહ)
નમસ્યન્તિ	(આપને) પ્રણામ કરે છે ॥ ૩૬ ॥

ભાવાર્થ – હે સર્વ ઈન્દ્રિયોના પ્રેરક હૃષીકેશ ! આ યથાસ્થાન-યથાયોગ્ય જ (છે કે) જે આપના ગુણ સંકીર્તન વડે જગત હર્ષને પ્રાપ્ત થાય છે - અતિ હર્ષિત થાય છે અને (કીર્તન શ્રવણ વડે) અનુરાગ યુક્ત થાય છે (તથા) રાક્ષસો (આપનાં કીર્તન વડે જ) ભયભીત થયેલા (થઈને) દિશાઓમાં (આમ-તેમ) પલાયન થઈ જાય છે અને સિદ્ધસંઘો (જ્ઞાન પ્રાપ્ત કરેલાઓનો સમૂહ) (આપને) પ્રણામ કરે છે ॥ ૩૬ ॥

કસ્માચ્ચ તે ન નમેરન્મહાત્મન્ !
ગરીયસે બ્રહ્મણોઽપ્યાદિકર્ત્રે ।
અનન્તદેવેશ ! જગન્નિવાસ !
ત્વમક્ષરં સદસત્ તત્પરં યત્ ॥ ૩૭ ॥
ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણઃ
ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
વેત્તાસિ વેદ્યં ચ પરં ચ ધામ
ત્વયા તતં વિશ્વમનન્તરૂપ ! ॥ ૩૮ ॥
વાયુર્યમોઽગ્નિર્વરુણઃ શશાંકઃ
પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ ।
નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ
પુનશ્ચ ભૂયોઽપિ નમો નમસ્તે ॥ ૩૯ ॥

નમઃ પુરસ્તાદથ પૃષ્ઠતસ્તે
નમોડસ્તુ તે સર્વત એવ સર્વ ।
અનન્તવીર્યમિતવિક્રમસ્ત્વં
સર્વં સમાપ્નોષિ તતોડસિ સર્વઃ ॥ ૪૦ ॥

અન્વય	અર્થ
મહાત્મન્ !	હે મોટાઓના પણ આત્મસ્વરૂપ - મહાત્મન્ !
બ્રહ્મણઃ	બ્રહ્માજીના
અપિ	પણ
આદિકર્ત્રે	આદિકર્તા-ઉત્પન્ન કરનાર એવા
ચ	અને
ગરીયસે	સહુથી મોટા-ગુરુરૂપ એવા
તે	આપને (બધા)
કસ્માત્	શા માટે
ન નમેરન્	નમસ્કાર ન કરે
અનન્તદેવેશ !	હે અનન્તદેવોના ઈશ પ્રભો !
જગન્નિવાસ !	હે સર્વના આશ્રય જગન્નિવાસ !
ત્વમ્ (એવ)	આપ જ
અક્ષરમ્	અક્ષર છો (અને)
યત્	જે કંઈ પણ
સત્	વ્યક્ત છે (તથા)
અસત્	જે કંઈ પણ અવ્યક્ત છે
તત્	તે
પરમ્	(આપ) પર-પુરુષોત્તમ જ છો ।। ૩૭ ।।
ત્વમ્	આપ
આદિદેવઃ	દેવોના પણ આદિદેવ (અને)
પુરુષઃ	(તેવી જ રીતે બ્રહ્માના પણ આદિ) પુરુષ (અને)
પુરાણઃ	અક્ષરમાં પણ વર્તી રહેલા સનાતન પુરુષ (આપ છો),
ત્વમ્	આપ
અસ્ય	ચારે તરફ દેખાતા આ
વિશ્વસ્ય	જગતના
પરમ્	પરમ-ઉત્કૃષ્ટ
નિધાનમ્	આશ્રય
ચ	અને
વેત્તા	જાણનાર (તથા)
વેદ્યમ્	જાણવાયોગ્ય-જ્ઞેય (પણ આપ જ છો)
ચ	અને
પરમ્	પરમ

ધામ	(વૈકુંઠ નામે પ્રસિદ્ધ તેજોરૂપ, પુરુષોત્તમ ગૃહાત્મક) ધામ (પણ આપ જ)
અસિ	છો,
અનન્તરૂપ !	હે અનન્તરૂપ !
ત્વયા	આપનાથી (આ સમ્પૂર્ણ)
વિશ્વમ્	જગત
તતમ્	વ્યાપ્ત (આપના રૂપ જ) છે ॥ ૩૮ ॥
ત્વમ્	આપ
વાયુઃ	સર્વ પ્રેરક, સર્વ પ્રાણરૂપ વાયુ,
યમઃ	સર્વનું નિયમન કરનાર યમ,
અગ્નિઃ	સર્વનો આધાર અગ્નિ,
વરુણઃ	સર્વ રસપૂરક-જલના અધિપતિ વરુણ
શશાંકઃ	સર્વને આનન્દ કરનાર ચન્દ્ર (તથા)
પ્રજાપતિઃ	સર્વને ઉત્પન્ન કરનાર પ્રજાપતિ (પ્રજાના સ્વામી)
ચ	અને
પ્રપિતામહઃ	આપ (પિતામહ એટલે બ્રહ્મા, તેના પણ પિતા) પ્રપિતામહ (છો) (આપ જ સર્વરૂપ છો તેથી)
તે	આપને (આપ સર્વરૂપ હોવાથી અને આપ જ આધિદૈવિક હોવાથી આપને)

સહસ્રકૃત્વઃ	હજારો વખત (હજારો-હજારો) (મારા)
નમઃ	નમસ્કાર,
નમઃ	નમસ્કાર
અસ્તુ	હો (નમસ્કાર આપ અંગીકાર કરો)
પુનશ્ચ	ફરીથી
ભૂયઃ	વારંવાર (આપને)
નમઃ	નમસ્કાર
નમઃ	નમસ્કાર (હો, નમસ્કાર આપ અંગીકાર કરો) ॥ ૩૯ ॥
સર્વ	હે સર્વાત્મન્
પુરસ્તાત્	સામેથી (પૂર્વ દિશામાં)
અથ	અને
પૃષ્ઠતઃ	પાછળથી (પશ્ચિમમાં) (અને)
સર્વતઃ	(દક્ષિણ-ઉત્તર તથા ચાર કોણમાં) સર્વ તરફથી સર્વ દિશામાં
એવ	જ
તે	આપને
નમઃ	નમસ્કાર
અસ્તુ	હો,
અનન્તવીર્ય	હે અનન્ત સામર્થ્યવાળા પ્રભો !

ત્વમ્	આપ
સર્વમ્	સર્વ જગતમાં
સમાપ્નોષિ	(તે-તે રૂપ અને નામના ભેદ વડે સર્વરૂપ થઈને) વર્તી રહ્યા છો વ્યાપી રહ્યા છો
તતઃ	એ પ્રકારે
સર્વઃ	સર્વરૂપ
અસિ	આપ જ છો ॥ ૪૦ ॥

ભાવાર્થ – હે મોટાઓના પણ આત્મસ્વરૂપ - મહાત્મન્ ! બ્રહ્માજીના પણ આદિકર્તા-ઉત્પન્ન કરનાર એવા અને સહુથી મોટા-ગુરુરૂપ એવા આપને (બધા) શા માટે નમસ્કાર ન કરે હે અનન્તદેવોના ઈશ પ્રભો ! હે સર્વના આશ્રય જગન્નિવાસ ! આપ જ અક્ષર છો (અને) જે કંઈ પણ વ્યક્ત છે (તથા) જે કંઈ પણ અવ્યક્ત છે તે (આપ) પર-પુરુષોત્તમ જ છો ॥ ૩૭ ॥ આપ દેવોના પણ આદિદેવ (અને) (તેવી જ રીતે બ્રહ્માના પણ આદિ) પુરુષ (અને) અક્ષરમાં પણ વર્તી રહેલા સનાતન પુરુષ (આપ છો), આપ ચારે તરફ દેખાતા આ જગતના પરમ-ઉત્કૃષ્ટ આશ્રય અને જાણનાર (તથા) જાણવાયોગ્ય-જ્ઞેય (પણ આપ જ છો) અને પરમ (વૈકુંઠ નામે પ્રસિદ્ધ તેજોરૂપ, પુરુષોત્તમ ગૃહાત્મક) ધામ (પણ આપ જ) છો, હે અનન્તરૂપ ! આપનાથી (આ સમ્પૂર્ણ) જગત વ્યાપ્ત (આપના રૂપ જ) છે ॥ ૩૮ ॥ આપ સર્વ પ્રેરક, સર્વ પ્રાણરૂપ વાયુ, સર્વનું નિયમન કરનાર યમ, સર્વનો આધાર અગ્નિ, સર્વ રસપૂરક-જલના અધિપતિ વરુણ સર્વને આનન્દ કરનાર ચન્દ્ર (તથા) સર્વને ઉત્પન્ન કરનાર પ્રજાપતિ (પ્રજાના સ્વામી) અને આપ (પિતામહ એટલે બ્રહ્મા, તેના પણ પિતા) પ્રપિતામહ (છો) (આપ જ સર્વરૂપ છો તેથી) આપને (આપ સર્વરૂપ હોવાથી અને આપ જ આધિદૈવિક હોવાથી આપને) હજારો વખત (હજારો-હજારો) (મારા) નમસ્કાર, નમસ્કાર હો (નમસ્કાર આપ અંગીકાર કરો) ફરીથી વારંવાર (આપને) નમસ્કાર નમસ્કાર (હો, નમસ્કાર આપ અંગીકાર કરો) ॥ ૩૯ ॥ હે સર્વાત્મન્ સામેથી (પૂર્વ દિશામાં) અને પાછળથી (પશ્ચિમમાં) (અને) (દક્ષિણ-ઉત્તર તથા ચાર કોણમાં) સર્વ તરફથી સર્વ દિશામાં જ આપને નમસ્કાર હો, હે અનન્ત સામર્થ્યવાળા પ્રભો ! આપ સર્વ જગતમાં (તે-તે રૂપ અને નામના ભેદ વડે સર્વરૂપ થઈને) વર્તી રહ્યા છો વ્યાપી રહ્યા છો એ પ્રકારે સર્વરૂપ આપ જ છો ॥ ૪૦ ॥

સખેતિ મત્વા પ્રસભં યદુક્તં
હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખેતિ ।
અજાનતા મહિમાનં તવેદં મયા
પ્રમાદાત્ પ્રણયેમ વાડપિ ॥ ૪૧ ॥
યચ્ચાવહાસાર્થમસત્કૃતોડસિ
વિહાર શય્યાસનભોજનેષુ ।
એકોડથવાડપ્યચ્યુત ! તત્સમક્ષં
તત્ ક્ષામયે ત્વામહમપ્રમેયમ્ ॥ ૪૨ ॥

અન્વય	અર્થ
સખા	(આપ મારા) સખા છો
ઈતિ	એમ
મત્વા	માનીને
તવ	આપના
ઈદમ્	આ (પુરુષોત્તમરૂપે સર્વાત્મક રૂપના)

મહિમાનમ્	મહિમાને-પ્રભાવને
અજાનતા	નહીં જાણવાને લઈને
મયા	મારા દ્વારા
પ્રમાદાત્	અનવધાનતાથી
વા	અથવા
પ્રણયેન	સ્નેહથી
અપિ	પણ
પ્રસભમ્	હઠપૂર્વક અકાર્યમાં યોજવા માટે
હે કૃષ્ણ !	હે કૃષ્ણ ! (કેવલ નામથી જ - નહીં કે સદાત્મક રૂપે)
હે યાદવ !	હે યાદવ ! (કેવલ યાદવકુલમાં ઉત્પન્ન થવાથી જ - નહીં કે યાદવોના ઉદ્ધારાર્થ આપનું યાદવકુલમાં પ્રાકટ્ય છે તેમ જાણી),
હે સખે !	હે સખે ! (લૌકિક બુદ્ધિથી ફક્ત મિત્રભાવે)
ઈતિ	એમ
યત્	જે
ઉક્તમ્	કહ્યું ॥ ૪૧ ॥
ચ	વળી
યત્	જે
અવહાસાર્થમ્	હસવા-હસવામાં જ (મિથ્યાવાદ વગેરે વડે 'એકલા કેવલ મને છોડીને વિહાર વગેરે કરો છો' વગેરે વાક્યોથી) (અથવા)
વિહારશય્યા-આસન-ભોજનેષુ	વિહાર (દ્યુત-મૃગયા વગેરેમાં સ્વજનપણું ઉદ્ભાવન કરતાં), શય્યા (શય્યામાં સહશયન દ્વારા), આસન (સાથે બેસીને) (અને) ભોજન (સાથે ભોજન કરતાં) વગેરેમાં
એકઃ	એકલા
અથવા	અથવા
તત્સમક્ષમ્	તે બધા (સ્વજનો-મિત્રો) સમક્ષ
અપિ	પણ
અસત્કૃતઃ	અપમાનિત કરાયા
અસિ	છો (અપમાનિત થયા છો)
તત્	તે (અજાણતામાં થયેલ અપરાધ)
અચ્યુત !	હે ચ્યુતિ રહિત - અચ્યુત ! (સ્વઅંગીકૃત પરિપાલક !)
અહમ્	હું
અપ્રમેયમ્	જે જાણી શકાય તેમ નથી તેવા અચિન્ત્ય પ્રભાવવાળા
ત્વામ્	આપનાથી
ક્ષામયે	ક્ષમા કરાવું છું ॥ ૪૨ ॥

ભાવાર્થ – (આપ મારા) સખા છો એમ માનીને આપના આ (પુરુષોત્તમરૂપે સર્વાત્મક રૂપના) મહિમાને-પ્રભાવને નહીં જાણવાને લઈને મારા દ્વારા અનવધાનતાથી અથવા સ્નેહથી પણ હઠપૂર્વક અકાર્યમાં

યોજવા માટે હે કૃષ્ણ ! (કેવલ નામથી જ - નહીં કે સદાત્મક રૂપે) હે યાદવ ! (કેવલ યાદવકુલમાં ઉત્પન્ન થવાથી જ - નહીં કે યાદવોના ઉદ્ધારાર્થ આપનું યાદવકુલમાં પ્રાકટ્ય છે તેમ જાણી), હે સખે ! (લૌકિક બુદ્ધિથી ફક્ત મિત્રભાવે) એમ જે કહ્યું ॥ ૪૧ ॥ વળી જે હસવા-હસવામાં જ (મિથ્યાવાદ વગેરે વડે 'એકલા કેવલ મને છોડીને વિહાર વગેરે કરો છો' વગેરે વાક્યોથી) (અથવા) વિહાર (દ્યુત-મૃગયા વગેરેમાં સ્વજનપણું ઉદ્ભાવન કરતાં), શય્યા (શય્યામાં સહશયન દ્વારા), આસન (સાથે બેસીને) (અને) ભોજન (સાથે ભોજન કરતાં) વગેરેમાં એકલા અથવા તે બધા (સ્વજનો-મિત્રો) સમક્ષ પણ અપમાનિત કરાયા છો (અપમાનિત થયા છો) તે (અજાણતામાં થયેલ અપરાધ) હે ચ્યુતિ રહિત - અચ્યુત ! (સ્વઅંગીકૃત પરિપાલક !) હું જે જાણી શકાય તેમ નથી તેવા અચિન્ત્ય પ્રભાવવાળા આપનાથી ક્ષમા કરાવું છું ॥ ૪૨ ॥

પિતાઽસિ લોકસ્ય ચરાચરસ્ય
ત્વમસ્ય પૂજ્યશ્ચ ગુરુર્ગરીયાન્ ।
ન ત્વત્સમોઽસ્ત્યભ્યધિકઃ કુતોઽન્યો
લોકત્રયેઽપ્યપ્રતિમપ્રભાવ ! ॥ ૪૩ ॥
તસ્માત્ પ્રણમ્ય પ્રણિધાય કાયં
પ્રસાદયે ત્વામહમીશમીડ્યમ્ ।
પિતેવ પુત્રસ્ય સખેવ સખ્યુઃ
પ્રિયઃ પ્રિયાયાર્હસિ દેવ સોઢુમ્ ॥ ૪૪ ॥

અન્વય	અર્થ
ત્વમ્	આપ
અસ્ય	આ
ચરાચરસ્ય	સ્થાવર-જંગમરૂપ ચર-અચરના (અથવા બ્રાહ્મણ-ક્ષત્રિયના)
લોકસ્ય	જગતના
પિતા	ઉત્પાદક
ચ	અને (વળી)
ગરીયાન્	ગુરુસ્થાનીય શ્રેષ્ઠજનોના પણ
ગુરુઃ	ગુરુ-પૂજ્ય (દેવોત્તમ-તેના દૃષ્ટા ગુરુ)
અસિ	છો,
અપ્રતિમ-પ્રભાવ !	હે ઉપમારહિત અનુભાવ !
લોકત્રયે	ત્રણે લોકમાં
ત્વત્સમઃ	આપના સમાન
અપિ	પણ
અન્યઃ	બીજો કોઈ
ન અસ્તિ	નથી (તો પછી)
અભ્યધિકઃ	અધિક (તો)
કુતઃ	કેમ કરીને હોઈ શકે ? ॥ ૪૩ ॥
તસ્માત્	તે કારણથી
અહમ્	હું

ત્વામ્	આપ
ઈશમ્	ઈશને-પ્રભુને
ઈડ્યમ્	સ્તુતિ કરવા યોગ્યને
કાયમ્	શરીરને
પ્રણિધાય	સારી રીતે ચરણોમાં ધરીને (દંડની માફક નીચે ચરણોમાં પડીને)
પ્રણમ્ય	નમન કરીને
પ્રસાદયે	પ્રસન્ન થવા પ્રાર્થના કરું છું,
દેવ !	હે જગત્પૂજ્ય દેવ !
પિતા	પિતા
ઈવ	જેમ
પુત્રસ્ય	પુત્રના (અને)
સખા	મિત્ર
ઈવ	જેમ
સખ્યુઃ	સખા-મિત્રના (અને)
પ્રિયઃ	પ્રિય (જેમ)
પ્રિયાયાઃ	પ્રીતિયોગ્ય એવી સ્ત્રીના (તેમ આપ પણ મારા પૂર્વોક્ત અપરાધોને)
સોઢુમ્	સહન કરવા
અર્હસિ	યોગ્ય છો ॥ ૪૪ ॥

ભાવાર્થ – આપ આ સ્થાવર-જંગમરૂપ ચર-અચરના (અથવા બ્રાહ્મણ-ક્ષત્રિયના) જગતના ઉત્પાદક અને (વળી) ગુરુસ્થાનીય શ્રેષ્ઠજનોના પણ ગુરુ-પૂજ્ય (દેવોત્તમ-તેના દષ્ટા ગુરુ) છો, હે ઉપમારહિત અનુભાવ ! લોકત્રયે ત્રાણે લોકમાં આપના સમાન પણ બીજો કોઈ નથી (તો પછી) અધિક (તો) કેમ કરીને હોઈ શકે ? ॥ ૪૩ ॥ તે કારણથી હું આપ ઈશને-પ્રભુને સ્તુતિ કરવા યોગ્યને શરીરને સારી રીતે ચરણોમાં ધરીને (દંડની માફક નીચે ચરણોમાં પડીને) નમન કરીને પ્રસન્ન થવા પ્રાર્થના કરું છું, હે જગત્પૂજ્ય દેવ ! પિતા જેમ પુત્રના (અને) મિત્ર જેમ સખા-મિત્રના (અને) પ્રિય (જેમ) પ્રીતિયોગ્ય એવી સ્ત્રીના (તેમ આપ પણ મારા પૂર્વોક્ત અપરાધોને) સહન કરવા યોગ્ય છો ॥ ૪૪ ॥

અદૃષ્ટપૂર્વં હૃષિતોડસ્મિ દૃષ્ટ્વા
ભયેન ચ પ્રવ્યથિતં મનો મે ।
તદેવ મે દર્શય દેવ ! રૂપં
પ્રસીદ દેવેશ ! જગન્નિવાસ ! ॥ ૪૫ ॥
કિરીટિનં ગદિનં ચક્રહસ્ત–
મિચ્છામિ ત્વાં દૃષ્ટુમહં તથૈવ ।
તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન
સહસ્રબાહો ! ભવ વિશ્વમૂર્તે ! ॥ ૪૬ ॥

અન્વય	અર્થ
અદૃષ્ટપૂર્વમ્	પહેલાં ક્યારેય નહીં જોવામાં આવેલું એવું વિશ્વાત્મક અનેક લીલાયુત આશ્ચર્યમય આપનું રૂપ
દૃષ્ટ્વા	જોઈને

હૃષિતઃ	હર્ષિત
અસ્મિ	થઇ રહ્યો છું
ચ	અને
મે	મારું
મનઃ	મન (પહેલાં જે આપનું પુરુષોત્તમ રૂપ બતાવ્યું તેવું ફરી પાછું બતાવશો કે નહીં તેવા)
ભયેન	ભયના માર્યા
પ્રવ્યથિતમ્	પ્રકૃષ્ટતાએ વ્યથાને પ્રાપ્ત-અતિવ્યાકુલ થઇ રહ્યું છે (અતઃ)
દેવ !	હે દેવ !
તત્	(સેવનને માટે) તે (પુરુષોત્તમ)
રૂપમ્	રૂપ
એવ	જ
મે	મને
દર્શય	બતાવો,
દેવેશ !	હે ઈન્દ્ર વગેરે દેવોના પણ ઈશ-દેવેશ !
જગન્નિવાસ !	હે જગન્નિવાસ !
પ્રસીદ	આપ પ્રસન્ન થાઓ ॥ ૪૫ ॥
કિરીટિનમ્	મુકુટ ધારણ કરેલા,
ગદિનમ્	ગદા ધારણ કરેલા (અને)

ચક્રહસ્તમ્	ચક્રને હાથમાં ધારણ કરેલા
તથા	તેવા
એવ	જ
ત્વામ્	આપને
અહમ્	હું
દ્રષ્ટુમ્	જોવાની
ઈચ્છામિ	ઈચ્છા ધરાવું છું (અતઃ)
વિશ્વમૂર્તે !	હે વિશ્વમૂર્તે !
સહસ્રબાહો !	હે અનન્ત ક્રિયા શક્તિમાન્ હજારો હાથોવાળા મહાબાહો!
તેન	તે
ચતુર્ભુજેન	ચાર હાથવાળા - ચતુર્ભુજ
રૂપેણ	રૂપે
એજ	જ
ભવ	આપ (મારી સામે) પ્રકટ થાઓ ॥ ૪૬ ॥

ભાવાર્થ – પહેલાં ક્યારેય નહીં જોવામાં આવેલું એવું વિશ્વાત્મક અનેક લીલાયુત આશ્ચર્યમય આપનું રૂપ જોઇને હર્ષિત થઇ રહ્યો છું અને મારું મન (પહેલાં જે આપનું પુરુષોત્તમ રૂપ બતાવ્યું તેવું ફરી પાછું બતાવશો કે નહીં તેવા) ભયના માર્યા પ્રકૃષ્ટતાએ વ્યથાને પ્રાપ્ત-અતિવ્યાકુલ થઇ રહ્યું છે (અતઃ) હે દેવ ! (સેવનને માટે) તે (પુરુષોત્તમ) રૂપ જ મને બતાવો, હે ઈન્દ્ર વગેરે દેવોના પણ ઈશ-દેવેશ ! હે જગન્નિવાસ ! આપ પ્રસન્ન થાઓ

।। ૪૫ ।। મુકુટ ધારણ કરેલા, ગદા ધારણ કરેલા (અને) ચક્રને હાથમાં ધારણ કરેલા તેવા જ આપને હું જોવાની ઈચ્છા ધરાવું છું (અતઃ) હે વિશ્વમૂર્તે ! હે અનન્ત ક્રિયા શક્તિમાન્ હજારો હાથોવાળા મહાબાહો! તે ચાર હાથવાળા - ચતુર્ભુજ રૂપે જ આપ (મારી સામે) પ્રકટ થાઓ ।। ૪૬।।

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

મયા પ્રસન્નેન તવાર્જુનેદં
રૂપં પરં દર્શિતમાત્મયોગાત્ ।
તેજોમયં વિશ્વમનન્તમાદ્યં
યન્મે ત્વદન્યેન ન દૃષ્ટપૂર્વમ્ ।। ૪૭ ।।

અન્વય	અર્થ
અર્જુન	હે અર્જુન !
પ્રસન્નેન	તારા ઉપર સર્વદા પ્રસન્ન એવા
મયા	મેં
આત્મયોગાત્	આત્મયોગના બલે (અને પોતાનાપણાના યોગબલે)
ઈદમ્	આ
યત્	જે
મે	મારું
પરમ્	પરમ
તેજોમયમ્	તેજોમય
આદ્યમ્	સનાતન
અનન્તમ્	અન્તરહિત
વિશ્વમ્	વિશ્વાત્મક
રૂપમ્	રૂપ
તવ	તને (જોવાની તારી ઈચ્છા હોવાથી)
દર્શિતમ્	બતાવ્યું (જેને)
ત્વદન્યેન	તારા સિવાય બીજા કોઈએ
ન દૃષ્ટપૂર્વમ્	પહેલા નથી જોયું ।। ૪૭ ।।

ભાવાર્થ – હે અર્જુન ! તારા ઉપર સર્વદા પ્રસન્ન એવા મેં આત્મયોગના બલે (અને પોતાનાપણાના યોગબલે) આ જે મારું પરમ તેજોમય સનાતન અન્તરહિત વિશ્વાત્મક રૂપ તને (જોવાની તારી ઈચ્છા હોવાથી) બતાવ્યું (જેને) તારા સિવાય બીજા કોઈએ પહેલા નથી જોયું ।। ૪૭ ।।

ન વેદયજ્ઞાધ્યયનૈર્ન દાનૈર્ન
ચ ક્રિયાભિર્ન તપોભિરુગ્રૈઃ ।
એવં રૂપઃ શક્ય અહં નૃલોકે
દ્રષ્ટું ત્વદન્યેન કુરુપ્રવીર ।। ૪૮ ।।

અન્વય	અર્થ
કુરુપ્રવીર	હે કુરુ જેવા ભક્તના કુલમાં શ્રેષ્ઠ અર્જુન !
નૃલોકે	મનુષ્ય લોકમાં
એવં રૂપઃ	આ પ્રકારના રૂપવાળો

અહમ્	હું
ન	ન તો
વેદયજ્ઞાધ્યયનૈઃ	(અર્થ સહિત શબ્દાત્મક) વેદોના, (અને) યજ્ઞોના (આનુપૂર્વ્ય વગેરે સહિત વિદ્યા-ક્રિયાના) અધ્યયન વડે (તથા)
ન	ન તો
દાનૈઃ	(તુલાપુરુષ વગેરેનાં) દાન વડે (અને)
ન	ન તો
ક્રિયાભિઃ	(અગ્નિહોત્ર વગેરે સ્વરૂપની) ક્રિયાઓ વડે
ચ	અને
ન	ન
ઉગ્રૈઃ	(કૃચ્છ્રચાન્દ્રાયણ વગેરે) ઉગ્ર
તપોભિઃ	તપો વડે
ત્વદન્યેન	તારા સિવાય કોઇ બીજા વડે
દ્રષ્ટુમ્	જોઇ શકાવો
શક્યઃ	શક્ય છું ।। ૪૮ ।।

ભાવાર્થ – હે કુરુ જેવા ભક્તના કુલમાં શ્રેષ્ઠ અર્જુન ! મનુષ્ય લોકમાં આ પ્રકારના રૂપવાળો હું ન તો (અર્થ સહિત શબ્દાત્મક) વેદોના, (અને) યજ્ઞોના (આનુપૂર્વ્ય વગેરે સહિત વિદ્યા-ક્રિયાના) અધ્યયન વડે (તથા) ન તો (તુલાપુરુષ વગેરેનાં) દાન વડે (અને) ન તો (અગ્નિહોત્ર વગેરે સ્વરૂપની) ક્રિયાઓ વડે અને ન (કૃચ્છ્રચાન્દ્રાયણ વગેરે) ઉગ્ર તપો વડે તારા સિવાય કોઇ બીજા વડે જોઇ શકાવો શક્ય છું ।। ૪૮ ।।

મા તે વ્યથા મા ચ વિમૂઢભાવો
દૃષ્ટ્વા રૂપં ઘોરમીદૃક્મેદમ્ ।
વ્યપેતભીઃ પ્રીતમનાઃ પુનસ્ત્વં
તદેવ મે રૂપમિદં પ્રપશ્ય ।। ૪૯ ।।

અન્વય	અર્થ
તે	તને
વ્યથા	(હું તને ફરી પુરુષોત્તમરૂપ નહીં બતાવીશ તેવી) વ્યથા
મા	નહીં થાઓ
ચ	અને
મમ	મારા
ઈદૃક્	(સર્વનું ગ્રસન કરવાના ધર્મથી યુક્ત એવા) આ પ્રકારના
ઘોરમ્	ઘોર-ભયાનક
ઈદમ્	આજે સર્વ તરફથી દેખાઇ રહેલા
રૂપમ્	રૂપને
દૃષ્ટ્વા	જોઇને
વિમૂઢભાવઃ	વિશેષ પ્રકારે મોહ સ્વરૂપનો વિમૂઢભાવ (પણ)
મા	ન થાઓ (અને)

વ્યપેતભીઃ	ભયરહિત
પ્રીતમનાઃ	પ્રીતિયુક્ત મનવાળો (થઈને)
ત્વમ્	તું
તત્	તે
એવ	જ
મે	મારા
ઈદમ્	આ
રૂપમ્	(ચતુર્ભુજ) રૂપને
પુનઃ	ફરીથી
પ્રપશ્ય	(તારી અભિલાષા મુજબ ભક્તિયુત) જો ॥ ૪૯ ॥

ભાવાર્થ – તને (હું તને ફરી પુરુષોત્તમરૂપ નહીં બતાવીશ તેવી) વ્યથા નહીં થાઓ અને મારા (સર્વનું ગ્રસન કરવાના ધર્મથી યુક્ત એવા) આ પ્રકારના ઘોર-ભયાનક આજે સર્વ તરફથી દેખાઈ રહેલા રૂપને જોઈને વિશેષ પ્રકારે મોહ સ્વરૂપનો વિમૂઢભાવ (પણ) ન થાઓ (અને) ભયરહિત પ્રીતિયુક્ત મનવાળો (થઈને) તું તે જ મારા આ (ચતુર્ભુજ) રૂપને ફરીથી (તારી અભિલાષા મુજબ ભક્તિયુત) જો ॥ ૪૯ ॥

ઈત્યર્જુનં વાસુદેવસ્તથોક્ત્વા
સ્વકં રૂપં દર્શયામાસ ભૂયઃ ।
આશ્વાસયામાસ ચ ભીતમેનં
ભૂત્વા પુનઃ સૌમ્યવપુર્મહાત્મા ! ॥ ૫૦ ॥

અન્વય	અર્થ
વાસુદેવઃ	મોક્ષદાતા પરમ કૃપાલુ વાસુદેવે
અર્જુનમ્	અર્જુનને
ઈતિ	આ પ્રકારે
ઉક્ત્વા	કહીને
ભૂયઃ	ફરીથી
તથા	તેવું જ
સ્વકમ્	પોતાનું (પુરુષોત્તમ)
રૂપમ્	(ચતુર્ભુજ) રૂપ
દર્શયામાસ	બતાવ્યું
ચ	અને
પુનઃ	પછી
મહાત્મા	મહાન છે આત્મા-અન્તઃકરણ જેનું એવા (અથવા ઘણા ભક્તોના આત્મા એવા) શ્રીકૃષ્ણે
સૌમ્યવપુઃ	સૌમ્ય સ્વરૂપ
ભૂત્વા	થઈને
એનમ્	આ
ભીતમ્	ભયભીત થયેલા અર્જુનને

આશ્વસયા-માસ	આશ્વાસન આપ્યું-ધીરજ બંધાવી ॥ ૫૦ ॥

ભાવાર્થ – મોક્ષદાતા પરમ કૃપાલુ વાસુદેવે અર્જુનને આ પ્રકારે કહીને ફરીથી તેવું જ પોતાનું (પુરુષોત્તમ) (ચતુર્ભુજ) રૂપ બતાવ્યું અને પછી મહાન છે આત્મા-અન્તઃકરણ જેનું એવા (અથવા ઘણા ભક્તોના આત્મા એવા) શ્રીકૃષ્ણે સૌમ્ય સ્વરૂપ થઈને આ ભયભીત થયેલા અર્જુનને આશ્વાસન આપ્યું-ધીરજ બંધાવી ॥ ૫૦ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

દષ્ટ્વેદં માનુષં રૂપં તવ સૌમ્યં જનાર્દન ! ।
ઈદાનીમસ્મિ સંવૃત્તઃ સચેતાઃ પ્રકૃતિં ગતઃ ॥ ૫૧ ॥

અન્વય	અર્થ
જનાર્દન !	હે અવિદ્યાનાશક જનાર્દન !
તવ	આપનું
ઈદમ્	આ (સામે દેખાઈ રહેલું)
સૌમ્યમ્	(દયાથી ભરપૂર) સૌમ્ય-શાન્ત
માનુષમ્	(જેને મનુષ્યો જોઈ શકે તેવું) માનુષ
રૂપમ્	રૂપને
દષ્ટ્વા	જોઈને
ઈદાનીમ્	હવે-અત્યારે
સચેતાઃ	શાન્ત-સાવધાન ચિત્ત

સંવૃત્તઃ	થયેલો
પ્રકૃતિમ્	(ભક્તિરૂપા) પ્રકૃતિને
ગતઃ	પ્રાપ્ત થયો
અસ્મિ	છું ॥ ૫૧ ॥

ભાવાર્થ – હે અવિદ્યાનાશક જનાર્દન ! આપનું આ (સામે દેખાઈ રહેલું) (દયાથી ભરપૂર) સૌમ્ય-શાન્ત (જેને મનુષ્યો જોઈ શકે તેવું) માનુષ રૂપને જોઈને હવે-અત્યારે શાન્ત-સાવધાન ચિત્ત થયેલો (ભક્તિરૂપા) પ્રકૃતિને પ્રાપ્ત થયો છું ॥ ૫૧ ॥

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

સુદુર્દર્શમિદં રૂપં દષ્ટ્વાનસિ યન્મમ ।
દેવા અપ્યસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાઙ્ક્ષિણઃ ॥ ૫૨ ॥

અન્વય	અર્થ
ઈદમ્	આ (દેખાઈ રહેલું)
મમ	મારું
રૂપમ્	(ચતુર્ભુજ) રૂપ
સુદુર્દર્શમ્	દુઃખો ઉઠાવીને પણ જોવું શક્ય નથી તેવું અતિદુર્લભ છે (કે)
યત્	જે (તું)
દષ્ટવાનસિ	જોવાવાળો થઈ શક્યો છે. (કારણ કે)
દેવાઃ	મારી ક્રીડાને યોગ્ય અને મારા અંશ એવા દેવો

અપિ	પણ
નિત્યમ્	નિત્ય-પ્રતિદિન
અસ્ય	આ
રૂપસ્ય	રૂપના
દર્શનકાઙ્ક્ષિણઃ	દર્શનની આકાંક્ષાવાળા રહે છે ॥ ૫૨ ॥

ભાવાર્થ – આ (દિખાઈ રહેલું) મારું (ચતુર્ભુજ) રૂપ દુઃખો ઉઠાવીને પણ જોવું શક્ય નથી તેવું અતિદુર્લભ છે (કે) જે (તું) જોવાવાળો થઈ શક્યો છે. (કારણ કે) મારી ક્રીડાને યોગ્ય અને મારા અંશ એવા દેવો પણ નિત્ય-પ્રતિદિન આ રૂપનાં દર્શનની આકાંક્ષાવાળા રહે છે ॥ ૫૨ ॥

નાહં વૈદૈર્ન તપસા ન દાનેન ન ચેજયયા ।
શક્ય એવંવિધો દ્રષ્ટું દષ્ટ્વાનસિ માં યથા ॥ ૫૩ ॥
ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોઽર્જુન ।
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ ॥ ૫૪ ॥

અન્વય	અર્થ
યથા	જે પ્રકારે (તું)
મામ્	મને
દૃષ્ટવાનસિ	જોઈ રહ્યો છે
એવંવિધઃ	એ પ્રકારે (ચતુર્ભુજ રૂપવાળો)
અહમ્	હું (પુરુષોત્તમ)
ન	ન તો
વેદૈઃ	વેદો વડે (અથવા-વેદોક્ત સાધનો વડે),
ન	ન
તપસા	ક્લેશ સ્વરૂપના તપ વડે,
ન	ન
દાનેન	સર્વસ્વ દીક્ષા સ્વરૂપના દાન વડે
ચ	અને
ન	ન
ઈજ્યયા	યજ્ઞ વડે
દ્રષ્ટુમ્	જોઈ શકાતો
શક્યઃ	શક્ય છું ॥ ૫૩ ॥
પરન્તપ !	હે શ્રેષ્ઠ તપવાળા !
અર્જુન !	હે અર્જુન !
અનન્યયા	જેમાં ઐહિક કે પારલૌકિક અર્થ માટે યત્ન નથી તેવી અનન્યા
ભક્ત્યા	ભક્તિ વડે
તુ	તો
એવંવિધઃ	આ પ્રકારે (ચતુર્ભુજ-પુરુષોત્તમરૂપે)
અહમ્	હું
તત્ત્વેન્	યથાર્થ સ્વરૂપે

જ્ઞાતુમ્	જાણી શકાવા,
દ્રષ્ટુમ્	અલૌકિક ભાવ દષ્ટિએ જોઈ શકાવા
ચ	અને
પ્રવેષ્ટુમ્	અલૌકિકરૂપે લીલામાં સેવન અર્થે પ્રવેશવા
ચ	પણ
શક્યઃ	શક્ય છું ॥ ૫૪ ॥

ભાવાર્થ – જે પ્રકારે (તું) મને જોઈ રહ્યો છે એ પ્રકારે (ચતુર્ભુજ રૂપવાળો) હું (પુરુષોત્તમ) ન તો વેદો વડે (અથવા-વેદોક્ત સાધનો વડે), ન ક્લેશ સ્વરૂપના તપ વડે, ન સર્વસ્વ દીક્ષા સ્વરૂપના દાન વડે અને ન યજ્ઞ વડે જોઈ શકાતો શક્ય છું ॥ ૫૩ ॥ હે શ્રેષ્ઠ તપવાળા ! હે અર્જુન ! જેમાં ઐહિક કે પારલૌકિક અર્થ માટે યત્ન નથી તેવી અનન્યા ભક્તિ વડે તો આ પ્રકારે (ચતુર્ભુજ-પુરુષોત્તમરૂપે) હું યથાર્થ સ્વરૂપે જાણી શકાવા, અલૌકિક ભાવ દષ્ટિએ જોઈ શકાવા અને અલૌકિકરૂપે લીલામાં સેવન અર્થે પ્રવેશવા પણ શક્ય છું ॥ ૫૪ ॥

મત્કર્મકૃત્ મત્પરમો મદ્ભક્તઃ સઙ્ગવર્જિતઃ ।
નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ ! ॥ ૫૫ ॥

અન્વય	અર્થ
પાણ્ડવ !	જન્મથી જ ભક્ત એવા પાણ્ડુપુત્ર હે અર્જુન !
મત્કર્મકૃત્	કોઈ પણ પ્રકારની કામનાથી નહીં પણ પોતે પ્રભુનો સહજ દાસ છે તે રૂપમાં મારા અર્થે જ સેવા વગેરે સ્વરૂપનાં કર્મ કરનારો,
મત્પરમઃ	હું જેનું પરમ-સર્વસ્વ છું તેઓ,
મદ્ભક્તઃ	સદા મારા આશ્રયમાં રહી મારું ભજન કરનારો,
સઙ્ગવર્જિતઃ	પુત્ર વગેરે લૌકિક (અને) અવૈષ્ણવના સંગ-આસક્તિ ત્યાગેલો,
સર્વભૂતેષુ	સર્વ પ્રાણિમાત્રમાં
નિર્વૈરઃ	વેર-દ્વેષ રહિત
યઃ	એવો જે છે
સઃ	તે
મામ્	મને
એતિ	પામે છે ॥ ૫૫ ॥

ભાવાર્થ – જન્મથી જ ભક્ત એવા પાણ્ડુપુત્ર હે અર્જુન ! કોઈ પણ પ્રકારની કામનાથી નહીં પણ પોતે પ્રભુનો સહજ દાસ છે તે રૂપમાં મારા અર્થે જ સેવા વગેરે સ્વરૂપનાં કર્મ કરનારો, હું જેનું પરમ-સર્વસ્વ છું તેઓ, સદા મારા આશ્રયમાં રહી મારું ભજન કરનારો, પુત્ર વગેરે લૌકિક (અને) અવૈષ્ણવના સંગ-આસક્તિ ત્યાગેલો, સર્વ પ્રાણિમાત્રમાં વેર-દ્વેષરહિત એવો જે છે તે મને પામે છે ॥ ૫૫ ॥

ઈતિ શ્રીમદ્ ભગવદ્ ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે વિશ્વરૂપદર્શનયોગો નામ એકાદશોડધ્યાયઃ ॥ ૧૧ ॥